જયજી (હાલ પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિ)મ. ને 'વ્યાખ્યાન વાચસ્પતિનું', બીરૂદ પણ આપ્યું હતું. આ બીરૂદો આપવાનું, પૂ. સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજયમેઘસૂરીશ્વરજીમ.શ્રી એ ખાસ લખ્યું હતું. આ રીતે પૂજ્ય પરમગુરુદેવનાં આપેલાં આ બેય બીરૂદો આ બેય મહાપુરુષોમાં યથાર્થ છે, છતાં તેમાં ભૂલ કાઢનારા શ્રી હંસસાગરજીને હું પૂછું છું કે તમારા દાદાગુરુને તેમના ગુરુએ આપ્યા વિના જ તમે 'દેવસૂર તપાગચ્છ ભક્ષક કહેવાને બદલે સામાચારી સંરક્ષક' વગેરે બીરૂદો લખો છો, તે તો કેવળ તમે સંઘ-સમાજને છેતરવાનું પાપ જ કરો છો કે બીજુ કાંઈ? આમને આમ તેમણે દૂધમાંથી પોરા કાઢવારૂપ આઠ નંબરો કરીને ખોટે ખોટાં ભૂલ ભરેલાં 'રહસ્યો' તારવવાની નરી બાલીશ ચેષ્ટા જ કરી છે, તે ખરેખર ઉપેક્ષણીય છે.

પૃ. ૨૧ માં તેમણે પૂ. આ વિ. લબ્ધિસૂરિજીમ. ને પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી મ ના 'કાકાગુરુ' લખી નાખ્યા છે? 'કાકાગુરુ'તો પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. નહિ પણ પૂ. આ. શ્રી વિ. દાનસૂરિજીમ, પૂ. આ. શ્રી વિ. લબ્ધિસૂરિજી મ. શ્રીના કાકાગુરુ થાય છે. આટલી વાતનું પણ શ્રી હંસસાગરજીને જ્યાં ભાન નથી ત્યાં બીજી બાબતોમાં સાચું લખવાની આશા તો આપણે તેમની પાસે રાખી જ ક્યાંથી શકીએ? પૃ. ૨૮માં તેઓ જરૂર પડે "એવાં સો ઉપરાંત રહસ્યોને' પ્રસિદ્ધિ આપવાની ધમકી આપે છે, પરંતુ બીજાઓને શિખામણ આપવા

જનાર તેઓ શ્રીમાન્ જ તેમની પોતાની તથા તેમના પોતાના દાદાગુરુ આ. શ્રી સાગરાનંદસૂરિજીએ જે 'આતપને' બદલે 'ઉદ્યોત' નામકર્મ અને 'વાઘણ' ને બદલે 'શિયાલણ' વગેરે બાબતોમા સેંકડો ભૂલો કરી છે, તેની 'ભૂલો' તરીકે પહેલાં જાહેરાત કરી સુધારી લે, જેથી તેમની એવી ધરખમ ભૂલો બતાવવાનો પરિશ્રમ બીજા કોઈને કરવો ન પડે.

શ્રીમાન્ હંસસાગરજીને તેમના ગુરુઓ તરફથી સાચું લખવાનું શિક્ષણ કશું મળ્યું જ ન હોય, તેમ જણાય છે, કારણ કે–ખોટું લખવામાં તેઓ જરાગે ગાંજ્યા જાય તેવા નથી. પૃ. ૪૩માં તેમણે આ. શ્રી. સાગરાનંદસૂરિજીની ખોટી બડાઈ હાંકવા માટે "સં. ૧૯૮[illegible]માં [illegible] પૂ. આ. શ્રી વિજયદાનસૂરિજી [illegible] શા. મગનલાલ રણછોડ, તથા શા [illegible] ગુજરી ગયા છે) તેઓ [illegible] પૂ. આગમોદ્ધારક [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

મહારાજ હયાત છે, તેઓશ્રી તે વખતે પૂ. પરમગુરુદેવશ્રીની સાથે જ હતા, તેમને પૂછવાથી મારા ગુરુદેવે ચોકખું જણાવ્યું છે કે 'એવી કોઈ બીના બનીજ નથી.'

કહે છે કે ડા. પી. એલ વૈદ્યનો ચુકાદો આવતાં આ. શ્રીમાન્ સાગરાનન્દસૂરિજી તે સ્વીકારવાને કપડવંજમાં તૈયારે થઈ ગયેલા, પરંતુ તેમના કેટલાક ભકતોએ પોતાનું નાક જાય એ બીકે તે સ્વીકારવા ન દેતાં તેમણે વૈદ્યને 'ફોડયાનો' પલટો માર્યો હતો, એ જ રીતે સુરતમાં તેમની માંદગીના છેલ્લા દિવસોમાં તબીયત એટલી બધી ખરાબ થઈ ગયેલી કે–ન સુવાય, ન પડખે થવાય, ન બેસાય, તેથી તેઓશ્રીને પોતાની ભૂલોનો ઘણો પશ્ચાતાપ થયેલો, પરંતુ તેઓશ્રીના આ વર્ગે, તેમની ભૂલ સુધારવા ન દીધી અને તેઓ 'ધ્યાનસ્થ ગુજરી ગયાનો' અસત્ય પ્રચાર કર્યો ! આ ઉપરથી તેઓ સાચું લખવાનું શીખ્યા જ ન હોય એમ ખરેખર જણાય છે.

એવી જ બીજી પણ ખોટી વાત તેમણે પૃ. ૪૪માં હાંકે રાખી છે. શ્રી હંસસાગરજીએ 'પૂ. શ્રી ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી (તે વખતે મુનિશ્રી) એ શ્રી ઝવેરસાગરજી પાસે ઉત્તરાધ્યયનાદિ સૂત્રો વાચ્યાં અને તેનો રસ રહી ગયાની ઉત્કંઠતા બતાવનારા પત્રો પોતાની પાસે હોવાનો,' નિર્દેશ કર્યો છે. ભલા ! પૂ. શ્રી વીરવિજયજી મ. ને વાંચનાદાતા સમર્થ જ્ઞાનદિવાકર ગુરુ પૂ શ્રી આત્મારામજી મહારાજ બેઠા હતા, એટલે બીજાની પાસે જવાનું કારણ

નહોતું, વળી શ્રી ઝવેરસાગરજીનાં અમુક કારણોને લઈને તેમની સાથે રહેવાનો પ્રસંગ પણ તેઓશ્રીને ન હોય, છતાંય સૂત્રો વાંચવાનું લખવું અને રસ રહી ગયાની ઉત્કંઠતાના પત્રો હોવાનું જણાવવું, એ તદ્દન ઉપજાવી કાઢેલી છે તેના સહૃદયો સમજી શકે તેમ છે. શું પૂ. શ્રી વીરવિજયજી મ. શ્રીએ જ તેમની પાસે 'આગમ' નહિ પણ 'આગમો' વાંચ્યાં? તો તેઓશ્રી કેટલો કાળ તેમની સાથે રહ્યા? ક્યા [illegible] રહ્યા? 'અં [illegible] કોઈએ તો તેમની પાસે કાંઈ વાંચ્યું નહિ [illegible] વાત તો આખી ભિન્ન થાય છે ને? રસ રહી ગયાની [illegible] પત્ર કે પત્રોની સંખ્યા કેટલી? શ્રી ઝવેરસાગરજી [illegible] પણ [illegible] ઉદયપુરમાં રહેતા [illegible] રહેતા નહોતા, તો પત્રો ક્યાં?

નિરૂપાય યોગાદિ ક્રિયા વગેરે કરવું પડેલું,' તો ભલા! પૂ. આત્મારામજી મહારાજશ્રીને પણ કારણે અખિલ શ્રીસંઘના દબાણથી નિરૂપાયે પદગ્રહણ કરવું પડ્યું હતું, એ તેઓ કેમ ભૂલી જાય છે? પણ તેજોદ્વેષ તેમને આટલું પણ સત્ય સુઝવા દેતો નથી. પૂ. આ. શ્રી કમલસૂરિજી મ. તથા ઉ. શ્રી વીરવિજય મ.શ્રીને પણ પાટણમાં અખિલ સમુદાયના દબાણથી પદ ગ્રહણ કરવું પડેલું, પરંતુ શાસનરાગી આ મહાપુરુષો, એનો ખોટો ચીલો પડે તેવું ઈચ્છતા ન હોવાથી, એ વખતે 'હવેથી કોઈએ પણ યોગોદ્વહન કર્યા વિના પદ ગ્રહણ કરવું નહિ,' એવો પાટણમાં ઠરાવ કર્યો હતો. એ ઠરાવને આગળ કરીને તે પછી તો ઘણા [illegible] આચાર્ય થયા હતા અને વર્તમાનમાં એવી

પાઠો લોપવા' વગેરેના આક્ષેપો કર્યા છે, પણ તેઓ સમજી લે કે 'એ પદ્ધતિ તો તેમને મુબારક છે.' આ. શ્રીમાન્ સાગરાનંદસૂરિજીએ ચોમાસામાં દીક્ષા નહિ આપવાનો શાસ્ત્રીય પાઠ લોપીને ચોમાસામાં સં. ૧૯૮૭ માં આસો સુદ ૧૧ સે નાની દીક્ષા આપી હતી, તે વખતે તે સામે ઘણો ઉહાપોહ થયો હતો, પણ તેને ગણકારે તો આ સાગરજી મ. શાના કહેવાય? આજે તેમના પ્રશિષ્ય હંસસાગરજી, તેમની તિમિર ચોપડી પૃ. ૩૬ માં આસો સુદ ૧૦ મે પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીએ મુંબઈમાં કરેલી શાસ્ત્રવિહિત વડીદીક્ષાના ઓઠે તેનો બચાવ કરવા નીકળી પડયા છે. સુજ્ઞ વાંચકોને ભરમાવવાની–ખરાને ખોટું અને ખોટાને ખરૂં દેખાડવાની આ પણ એમની કારમી ગણાતી ફૂટ પ્રપંચલીલા જ છે કે બીજું કાંઇ?

આ પ્રમાણે જ તેમણે પૃ–૫૨થી૫૮ માં શ્રી હારિભદ્રીય આવશ્યક, પ્રવચનસારોદ્ધાર વગેરે શાસ્ત્રપાઠોના નામે આડા-અવળા ગોળા ગબડાવ્યા છે અને મારા લખાણ સામે ખોટા આક્ષેપો કર્યા છે, પણ આ મહાશયો ધ્યાન રાખે કે શાસ્ત્રીય પાઠોમાં ગરબડ કરવાનું કે અર્થો ગોપવવા કરવાનું કામ અમારૂં નથી, એ તો તમોને જ મુબારક. કારણ 'ગર્ભાષ્ટમ' પાઠથી શાસ્ત્રકારે ગર્ભથી પણ આઠ વર્ષ પૂર્ણ થયે જ દીક્ષા આપવાનું વિધાન કર્યા છતાં આ. શ્રી સાગરાનંદસૂરિજીએ સવા છ વર્ષના એક બાલકને દીક્ષા આપી, તે સિદ્ધ કરવા માટે શ્રી નિશીથ ચૂર્ણિના તેમજ ભગવતીજી આદિ શાસ્ત્રોમાં

આવતા એ વિષયના પાઠોને લોપી પગ નીચે કચડી નાખ્યા છે! આવું તેમના વિના બીજા કોણ કરી શકે?

શ્રીમાન્ હંસસાગરજી યાદ રાખે કે પૂ. આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજ તેમના કરતાં વધુ જ્ઞાની અને ભવભીરૂ હતા. તેઓશ્રીએ સં. ૧૯૯૧માં રાધનપુરમાં વૈશાખ સુદ ૧૪ ને જ્યારે કાલગ્રહણ લેવડાવી પૂ. આ. શ્રી પ્રેમસૂરિજી મહારાજજીની આચાર્યપદવી તથા પૂ. આ. વિ. રામચંદ્રસૂરિજી મ. ની ઉપાધ્યાય પદવી કરી હતી ત્યારે [illegible] માટે પૂ. આ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજે તેઓશ્રીને મત લખી પૂછાવેલ. તે વખતે તેઓશ્રીએ તેઓશ્રીને જે

શબ્દ ઉપર તેઓ જોર પકડે છે, પરંતુ એજ ગ્રંથકારશ્રી,
તે પાઠના વિવરણમાં ચારે (આષાઢી, આશ્વીની, કાર્તિકી
અને ચૈત્રી) મહામહોનું સ્વરૂપ સમજાવી તે ચારે ચ
માટે ચોકખા શબ્દોમાં લખે છે કે-“ એતેષાં ચ ચતુર્ણાં
મહામહાનાં મધ્યે યો મહામહો યસ્મિન્દેશે યતો દિવસા-
દારભ્ય યાવન્તં કાલં પ્રવર્તતે તસ્મિન્દેશે તતો દિવસાદારભ્ય
તાવન્તં કાલં ન સ્વાધ્યાયં કુર્વન્તિ.” (પ્રવચન સારો-
દ્ધાર દ્વાર ૨૬૮, પૃ. ૪૨૩) અર્થાત્ ‘ આ ચારે મહામહોમાંથી
જે મહામહ જે દેશમાં જે દિવસથી આરંભી જેટલો
કાલ પ્રવર્તે તે દેશમાં તે દિવસથી આરંભી તેટલો કાલ
સાધુઓ સ્વાધ્યાય કરતા નથી.’ આમાં ચૈત્રી મહામહને
જો બાદ કરવાનો હોત તો આ વિવરણમાં ચારે મહામ-
હોનો ઉલ્લેખ ન કરત પણ ચૈત્ર સિવાયના ત્રણ કહેત.
પણ આ તથા શ્રી હારિભદ્રીય વિવરણાદિ બધામાં આ ચારે
માટે આવો જ ઉલ્લેખ મળતો હોવાથી એ નક્કી છે કે
‘ જે દેશોમાં તે પ્રવર્તમાન ન હોય તે દેશોમાં તે સમયમાં
સ્વાધ્યાયનો બાધ નથી.’ અને એ પાઠને અવલંબીને
વઢીયાર દેશે રાધનપુરમાં તેનું કારણ ન હોવાથી પૂ. આ
શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજશ્રીએ ચૈત્ર સુદ ૧૪ સે
ખૂબ દીર્ઘદૃષ્ટિ વાપરી આચાર્ય તથા ઉપાધ્યાય પદ કર્યાં,
એથી આ સાગર બંધુઓના પેટમાં શું કામ આટલું
બધું દુઃખે છે? તેનો ન્યાય વાંચકો મધ્યસ્થ બુદ્ધિથી
કરી લે.

અત્રે ધ્યાન રહે કે યોગોદ્વાહી સાધુ-સાધ્વીઓને તો તમો અમો કોઈ આ અસજ્ઝાયના દિવસોમાં આગાઢ સિવાય મોટેભાગે યોગમાં રાખતા નથી, માત્ર વડીદીક્ષા –પદારોપણ વગેરે કારણ સંયોગ માટેની આ વાત છે. આસોમાં ચોમાસાના કારણે નાણ મંડાતી ન હોવાથી આસો સુદ ૧૦ થી નાણ માંડવાનો શાસ્ત્રકારે ખુલાસો કર્યો, આસોમાં ચોમાસાના કારણે નાની દીક્ષા થઈ શકે નહિ, [illegible]માં તો નાણનો કે નાની દીક્ષા વગેરેનો બાધ જ નથી, [illegible] ચૈત્રમાં ભેદ પડતો નથી.

શ્રી હંસસાગરજીએ એમની 'તિમિર' ચોપડીમાં [illegible] 'મતે [illegible]' 'અજ્ઞાન' 'અનાદેય ગુરુની [illegible] નિગનાર' વગેરે તેમના પોતાના મલીન પોતને [illegible] આરોપ તરફનું છે, પણ ખરી રીતે તો [illegible] ભાષાંતર કરાવી પોતાને નામે દેવાની દેનાર [illegible] શ્રી ભાગવતીજીના યોગ [illegible] સુધી અનાજ્ઞાએ [illegible] 'અંગભગત' 'અજ્ઞાન' [illegible] નિગનાર વગેરે [illegible] છે. [illegible]

સાચું બતાવવાનું મેઘાડંબરીપણું ઘણું કર્યુંય છે, પણ
તેઓ કશામાં ફાવ્યા નથી. શ્રી અભયસાગરજીના ગલત
ઠરેલા શ્રી ભગવતીજીના યોગ તથા ગણિપદ સંબંધમાં
ચોરી ઉપર શીરજોરી કરતા શ્રીમાન્ હંસસાગરજીએ
પૃ. ૩૩ માં મારા પૂજ્ય પરમગુરુદેવ ગચ્છાધિપતિશ્રીને
“ હૃદયમાં જો આત્માર્થીપણાનો અંશ પણ હોય તો
તે વર્ગના નેતા આ. શ્રી. વિજયપ્રેમસૂરિજી મહારાજ,
હજુ પણ તે બાબત પૂ. ગચ્છાધિપતિશ્રીને નિજના
હસ્તલિખિત પત્રથી ખૂલાસો પૂછાવી ખાત્રી પાસે,” એ
પ્રમાણે લખી નાખવાની ધૃષ્ટતા સેવી છે. જૂઓ આત્માર્થી-
પણાના આ મોટા ઈજારદારો ! હું કહું છું કે મારા પૂજ્ય
ગચ્છાધિપતિશ્રીતો ખૂબ જ આત્માર્થી, દયાળુ અને
પરોપકારવૃત્તિથી ભરેલા છે, એટલે જ તો તેમના
ગચ્છાધિપતિના તાર–ટપાલોથી મારા પૂજ્યશ્રીએ
તેમના શ્રી અભયસાગરજી ઉપર અનુગ્રહ કર્યો હતો,
તેના બદલામાં શ્રીમાન્ હંસસાગરજી પૃ. ૪૭ માં પૂજ્યશ્રી
ઉપર ‘તે મુનિને પોતાના બનાવી લેવા માટે વીસેક સાધુએ.ને
આમથી તેમ દોડાવ્યાનો આક્ષેપ કરી ’ શ્રીધર્મસાગરજીની
જાગૃતિ વગેરેની શબ્દજાળ જે પાથરી છે તે તો ખરેખર શ્રી
અભયસાગરજીના જુદા ઠરેલા જોગ તથા ઉઘાડા પડી ગએલા
બારસાસૂત્ર (કલ્પસૂત્ર) પ્રાસ્તાવિકમાં તેમણે રચેલા કૌભાંડ
ઉપર પડદો પાડી દેવા માટે—ડુબતા કાગડા ઉપર
ઉપકાર કરનાર હંસને ખોટી રીતે ગળે પડી હેરાન

હતા. એવામાં એક વખત શ્રી નાગેન્દ્ર ધરણેન્દ્રદેવ યુગાદિદેવ દર્શન કરવા આવ્યા. તેઓ નમિ-વિનમિની આ સરલ ભક્તિ પ્રસન્ન થયા. તેમણે કહ્યું કે-"ભગવાન તો વીતરાગી છે, તે રાજ્ય વગેરે તજીને નીકળ્યા છે, પ્રભુ ઉપરની તમારી ભક્તિ હું પ્રસન્ન થઈને આપુ છું તે લો." એમ કહી ધરણેન્દ્રે નમિ વિનમિને પાઠસિદ્ધ ગૌરી-પ્રજ્ઞપ્તિ આદિ અડતાલીસ હજાર વિદ્યાઓ આપી અને વૈતાઢ્ય પર્વતની ઉત્તરશ્રેણિ અને દક્ષિણશ્રેણિમાં નગરો વસાવી રાજ્ય કરવા અનુજ્ઞા આપી.

પછી પોતાનું કાર્ય સિદ્ધ થયેલું જાણી ઉતાવળે જવા તૈયાર થયેલ નમિ-વિનમિને નાગરાજે કહ્યું કે-' મહાનુભાવો ! સંસારના વૈભવો તો ક્ષણિક છે, એની અંદર મશગૂલ રહેનાર પોતાના સત્ત્વને ગુમાવે છે. સંસારના વૈભવમાં મસ્ત બનેલા તમે ભગવાન શ્રી યુગાદિદેવની શરણસેવા ભૂલતા નહિ, સાથે ચિંતામણી રત્ન કરતાં અધિક આ એક પ્રતિમાજી પણ તમને આપું છું, તેનું પૂજન પણ તમે ભૂલતા નહિ.'

નાગરાજના હાથમાં રહેલ અલૌકિક પ્રતિમાને જોઈ બન્ને ભાઈ આશ્ચર્યચકિત બનીને નાગરાજને નિરખી રહ્યા.

'નાગરાજ ! આ એક ભગવાન શ્રી આદિનાથ અને આ [illegible] ભગવાન કયા ?' એવો નમિ-વિનમિએ પ્રશ્ન કર્યો

[illegible] તેઓને સમજાવતાં કહ્યું કે-' મહાનુભાવો ! આ [illegible] તીર્થંકરના [illegible] [illegible] આ પ્રતિમા [illegible] [illegible] છે. એનું પૂજન

હતા. એવામાં એક વખત શ્રી નાગેન્દ્ર ધરણેન્દ્રદેવ યુગાદિદેવનું
દર્શન કરવા આવ્યા. તેઓ નમિ-વિનમિની આ સરલ ભક્તિથી
પ્રસન્ન થયા. તેમણે કહ્યું કે-"ભગવાન તો વીતરાગી છે, તેઓ
રાજ્ય વગેરે તજીને નીકળ્યા છે, પ્રભુ ઉપરની તમારી ભક્તિથી
હું પ્રસન્ન થઇને આપુ છું તે લો." એમ કહી ધરણેન્દ્રે નમિ-
વિનમિને પાઠસિદ્ધ ગૌરી-પ્રજ્ઞપ્તિ આદિ અડતાલીસ હજાર
વિદ્યાઓ આપી અને વૈતાઢ્ય પર્વતની ઉત્તરશ્રેણિ અને દક્ષિ-
ણશ્રેણિમાં નગરો વસાવી રાજ્ય કરવા અનુજ્ઞા આપી.

પછી પોતાનું કાર્ય સિદ્ધ થયેલું જાણી ઉતાવળે જવા તૈયાર
થયેલ નમિ-વિનમિને નાગરાજે કહ્યું કે-'મહાનુભાવો! સંસા-
રના વૈભવો તો ક્ષણિક છે, એની અંદર મશગૂલ રહેનાર પોતાના
સત્ત્વને ગુમાવે છે. સંસારના વૈભવમાં મસ્ત બનેલા તમે ભગ-
વાન શ્રી યુગાદિદેવની ચરણસેવા ભૂલતા નહિ, સાથે ચિંતામણિ
રત્ન કરતાં અધિક આ એક પ્રતિમાજી પણ તમને આપું છું,
તેનું પૂજન પણ તમે ભૂલતા નહિ.'

નાગરાજના હાથમાં રહેલ અલૌકિક પ્રતિમાને જોઇ બન્ને
ભાઇ આશ્ચર્યચકિત નયને નાગરાજને નિરખી રહ્યા.

'નાગરાજ! આ એક ભગવાન શ્રી આદિનાથ અને આ
[illegible] ભગવાન કયા?' એવો નમિ-વિનમિએ પ્રશ્ન કર્યો.

[illegible] તેમને [illegible] કહ્યું કે-'મહાનુભાવ! આ
[illegible] પ્રતિમાના [illegible]
[illegible] તેમની આ પ્રતિમા [illegible]
[illegible] એની પૂજના [illegible]

હતા. એવામાં એક વખત શ્રી નાગેન્દ્ર ધરણેન્દ્રદેવ યુગાદિદેવનાં દર્શન કરવા આવ્યા. તેઓ નમિ-વિનમિની આ સરલ ભક્તિથી પ્રસન્ન થયા. તેમણે કહ્યું કે-"ભગવાન તો વીતરાગી છે, તેઓ રાજ્ય વગેરે તજીને નીકળ્યા છે, પ્રભુ ઉપરની તમારી ભક્તિથી હું પ્રસન્ન થઈને આપુ છું તે લો." એમ કહી ધરણેન્દ્રે નમિ-વિનમિને પાઠસિદ્ધ ગૌરી-પ્રજ્ઞપ્તિ આદિ અડતાલીસ હજાર વિદ્યાઓ આપી અને વૈતાઢ્ય પર્વતની ઉત્તરશ્રેણિ અને દક્ષિણશ્રેણિમાં નગરો વસાવી રાજ્ય કરવા અનુજ્ઞા આપી.

પછી પોતાનું કાર્ય સિદ્ધ થયેલું જાણી ઉતાવળે જવા તૈયાર થયેલ નમિ-વિનમિને નાગરાજે કહ્યું કે-'મહાનુભાવો! સંસારના વૈભવો તો ક્ષણિક છે, એની અંદર મશગૂલ રહેનાર પોતાના સત્ત્વને ગુમાવે છે. સંસારના વૈભવમાં મસ્ત બનેલા તમે ભગવાન શ્રી યુગાદિદેવની ચરણસેવા ભૂલતા નહિ, સાથે ચિંતામણી રત્ન કરતાં અધિક આ એક પ્રતિમાજી પણ તમને આપું છું, તેનું પૂજન પણ તમે ભૂલતા નહિ.'

નાગરાજના હાથમાં રહેલ અલૌકિક પ્રતિમાને જોઈ બન્ને ભાઈ આશ્ચર્યચકિત નયને નાગરાજને નિરખી રહ્યા.

'નાગરાજ! આ એક ભગવાન શ્રી આદિનાથ અને આ [illegible] ભગવાન ક્યા?' એમ નમિ-વિનમિએ પ્રશ્ન કર્યો.

[illegible] તેમને [illegible] કહ્યું કે-'મહાનુભાવો! આ [illegible]
[illegible]
[illegible] ભગવાન [illegible] આ પ્રતિમા [illegible]
[illegible]

વતી દેવીની આરાધના કરો અને એમની પાસેથી ભાવિ તેવીસમા તીર્થપતિ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરમ પ્રભાવસંપન્ન પ્રતિમાજીને મેળવો, તે પ્રતિમાજીના સ્નાત્રજલને છાંટવાથી આસુરી–જરા તરત જ પલાયન થઇ જશે.'

કૃષ્ણે પૂછયું કે 'પ્રભો હું અઠ્ઠમમાં બેસું તો શત્રુનાં શસ્ત્રો પડતાં આ સેનાનું શું થાય?' ભગવાને કહ્યું કે–'હે વનમાલી! ત્રણ દિવસ તારા સમગ્ર સૈન્યની રક્ષા હું કોઇનેય ઇજા ઉપજાવ્યા વિના કરીશ.'

શ્રી નેમિનાથ ભગવાનના વચનથી ઉત્સાહિત થયેલા શ્રી કૃષ્ણ, નિર્મલ શ્રદ્ધાપૂર્વક અઠ્ઠમનો તપ કરી શ્રી પદ્માવતી દેવીના ધ્યાનમાં બેઠા. ત્રીજા દિવસે શ્રી પદ્માવતી દેવી હાજર થયાં. કૃષ્ણ મહારાજે નમ્રતાપૂર્વક જાદવોની જરાનિવારણ માટે પ્રભુ શ્રી પાર્શ્વનાથની પ્રતિમાજીની યાચના કરી.

'કૃષ્ણજી ! તમે ભૂલ્યા. અઠ્ઠમની આરાધના કરી મને ન [illegible] તો ચાલત, ભાગ્યશાલી બાવીસમા તીર્થપતિ [illegible] શ્રી નેમિનાથ ભગવાનના પાદપ્રક્ષાલનથી [illegible] [illegible] પણ ન ટકત; પણ [illegible] [illegible] તીર્થપતિની અને માનવલોકના સર્વ [illegible] [illegible] જાતિ ગણાની છે, [illegible] [illegible] [illegible] [illegible] શ્રી પદ્માવતી [illegible] [illegible]

નેહાળતાં જ કૃષ્ણ મહારાજનું હૈયું હર્ષઘેલું બની ગયું.
પ્રતિમાજીના પ્રક્ષાલન જળને જાદવો ઉપર છાંટતાં જ દુષ્ટ 'જરા' રાક્ષસી જાદવોમાંથી નીકળી જરાસંઘ પાસે ચાલી ગઇ.

કૃષ્ણ મહારાજાએ પાંચજન્ય શંખ ફૂંક્યો. ઉંઘમાંથી આળસ મરડીને જાણે જાગતું હોય, તેમ સમગ્ર સૈન્ય નવ-ચૈતન્ય પામી યુદ્ધ માટે પુનઃ તૈયાર થયું.

કૃષ્ણે જરાસંઘને હરાવ્યો. પ્રતિવાસુદેવ જરાસંઘના ક્રથી જ કૃષ્ણ વાસુદેવે તેનું મસ્તક ઉડાવી દીધું.

જે જગ્યાએ શંખને પૂરી સકલ સૈન્યને સચેતન બનાવ્યું હતું, તે જ જગ્યાએ **'શંખેશ્વર'** ગામ વસાવ્યું. પ્રતિમાજીને નૂતન જિનમંદિરમાં પધરાવ્યાં. ત્યારથી **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના નામથી તે તીર્થ અને તે પ્રભુજી પ્રસિદ્ધ થયા.**

કહેવાય છે કે-'કૃષ્ણ મહારાજા પોતાની દ્વારિકા નગરીનાં રાજમહેલમાં બેઠા બેઠા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના મંદિરનાં શિખરનાં દરરોજ દર્શન કરતા હતા.' એવો ઉત્તુંગ પ્રાસાદ ભાવિક ભક્તોને આરાધના માટે આહ્વાન આપતો તેમણે કરાવ્યો હતો. ત્યારથી એટલે શ્રી નેમિનાથ-કૃષ્ણના વખતથી આ ભારતમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થ અસ્તિત્વમાં આવ્યું છે. દિન-પ્રતિદિન તે પ્રતિમાજીનો પ્રભાવ અત્યંત વધતો જ ગયો છે.

અચિંત્ય પ્રભાવ :

પ્રત્યેક પર્વના દિવસોમાં નાગરાજ ધરણેન્દ્ર, પદ્માવતી સહિત શ્રી પાર્શ્વનાથ પ્રભુ પાસે આવી ભગવાનની પૂજા-ભક્તિ

કરે છે. પ્રગટપ્રભાવી શ્રી પાર્શ્વપ્રભુના નિર્મળ ધ્યાનથી ક્ષય, ભગંદર, કોઢ, કંઠમાળ તથા કૅન્સર જેવી ભયંકર વ્યાધિઓ નાશ પામે છે, તેવા દુઃખી જીવો અપૂર્વ શાન્તિ પામે છે. એકાગ્ર ચિત્તથી ભગવાનના સાન્નિધ્યમાં રહેનાર આત્મા પોતાની અભીષ્ટ સિદ્ધિને મેળવે છે. શ્રી નેમિનાથ ભગવાન પણ વિચરતા વિચરતા અનેક મહાત્માઓ સાથે અહીં પધાર્યા હતા. જે પ્રાણી આ તીર્થસ્થાનમાં રહી છ માસ સુધી પુરૂષાદાની શ્રી પાર્શ્વનાથ પ્રભુની આરાધના કરે છે તે સકલ સંપદાને પામે છે. યાવત્ મોક્ષમાર્ગની આરાધનાના અનુકૂલ સંયોગોને મેળવે છે.

ઘણો સમય ગયા બાદ શ્રી સજ્જન મંત્રીએ શ્રી શંખેશ્વર તીર્થનો પુનરુદ્ધાર કર્યો હતો. સં. ૧૧૫૧ માં સજ્જન મંત્રીના આ જીર્ણોદ્ધાર થયા પછી તેરમા શૈકાના અંતમાં ગુજરાતના મહામંત્રી વસ્તુપાલે ફરીને જીર્ણોદ્ધાર કર્યો હતો.

પરમ આયંબિલની અખંડ આરાધના કરતા શ્રી વર્ધમાનસૂરિજી મહારાજને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રત્યે અપ્રતિમ [illegible] પ્ર. આચાર્યદેવ [illegible] શ્રી પાર્શ્વ [illegible] હતા. પૂ. સૂરિજીના [illegible] શ્રી શંખેશ્વરજી તીર્થનો ઉદ્ધાર કરાવ્યો [illegible] શ્રી [illegible] કર્યાં હતાં. [illegible] શ્રી શંખેશ્વર પાર્શ્વ [illegible]

પૂ. આચાર્યદેવ, શ્રી શંખ... ભગવાનની ભા...
...હાન્ દેવ થયા, જે આજે પણ ભગવાનની
...ને ઇષ્ટફલસિદ્ધિમાં સહાયક બને છે.

દુર્જનશલ્ય રાજાને કોઢનો જબરજસ્ત વ્યાધિ થયો હતો.
...દેવની આરાધના કરતાં પણ તે વ્યાધિ મટ્યો નહિ. સૂર્ય-
દેવે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરાધના કરવાનું સૂચવ્યું.
દુર્જનશલ્ય રાજા શ્રી શંખેશ્વરજીમાં આવી શ્રી પાર્શ્વનાથ
પ્રભુની છત્રછાયામાં ભગવાનનું ધ્યાન ધરતો રહ્યો નિર્મલ
ચિત્તથી ભગવાનની ભક્તિ કરતાં, નામસ્મરણના અજબ પ્રભા-
વથી દુર્જનશલ્ય રાજાનો કોઢ રોગ સર્વથા નાબૂદ થયો.
ભગવાન ઉપર અન્ય લોકોને પણ ઘણી આસ્થા જામી. શ્રી
પાર્શ્વનાથ પ્રભુનો ચમત્કારિક મહિમા જ્વલંત રીતે જગતમાં
વધવા લાગ્યો. દુર્જનશલ્ય રાજા પ્રભુનો પરમ ઉપાસક બન્યો.
વસ્તુપાલે બંધાવેલ મંદિરનો દુર્જનશલ્ય રાજાએ જીર્ણોદ્ધાર
કરાવી પ્રતિષ્ઠા કરાવી.

શહેનશાહ ઓરંગઝેબના વખતે ગુજરાતના શાહજાદા
મહમ્મદ આઝમશાહે શ્રી શંખેશ્વર તીર્થનો ધ્વંસ કરાવ્યો હતો.
અનેક પ્રયત્નો કરવા છતાં તે બચ્યું નહિ, ત્યારે કુનેહપૂર્વક
પ્રતિમાજીને ભંડારી દેવામાં આવેલાં, જેથી મૂલ દ્રવ્ય કાયમ
સચવાઇ રહ્યું.

ત્યાર પછી કેટલાક સમય બાદ શ્રી મહાવીર ભગવાનની
૬૨ મી પાટે થયેલ પૂ. આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિજી મ. ના
ઉપદેશથી શ્રીસંઘે નવ્ય ભવ્ય પ્રાસાદનું નિર્માણ કર્યું, ભંડા-
રેલાં પ્રતિમાજીને તેમાં પુનઃ પ્રતિષ્ઠિત કરી પ્રતિષ્ઠા મહોત્સવ

ઉજ્યો. અઢારમી સદીના અંતે પુનઃ એ તીર્થનો વિજયધ્વજ જગતમાં ફરકતો થયો.

દૈવી ચમત્કારો :

સં. ૧૭૫૦ માં કવિરત્ન પૂ. ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી મહારાજના સદુપદેશથી ખેડાનિવાસી એક સદ્‌ગૃહસ્થે શ્રી શંખેશ્વરજી તીર્થનો સંઘ કાઢ્યો હતો. શ્રી શંખેશ્વરજીના ઠાકોર તથા પૂજારીઓ આવનાર યાત્રાળુ પાસેથી એક ગીની-સોનામહોર લીધા પછી જ પ્રભુનાં દર્શન કરાવતા. શ્રીસંઘ મોડો પહોંચ્યો. પૂજારીઓએ પેટીમાં રહેલ પ્રતિમાજીનાં દર્શન કરાવ્યાં નહિ અને શ્રીસંઘની અનેક જાતની વિનવણી અવગણવામાં આવી.

પ્રભુનાં દર્શન આડે આવતા અંતરાયથી શ્રી ઉદયરત્નજી [illegible] અંતરાત્મા કકળી ઉઠ્યો. તેમણે ઠાકોરને અને પૂજારીઓને [illegible] ઘણી મહેનત કરી, પણ વ્યર્થ ગઈ. સાંભળી [illegible] ન લગાડી આવતી દર્શનની ઉત્કટ [illegible] ભાવનાવાળી પેટીને ખોલો અને દર્શન કરો.

[illegible] શ્રી ઉદયરત્નજી મહારાજના હૈયામાં [illegible] દશામાં બેસી, [illegible] [illegible]

પાસ શંખેશ્વરા સાર કર સેવકા,
દેવ કાં એવડી વાર લાગે;
કોડી કર જોડી દરબાર આગે ખડા,
ઠાકુરા ચાકુરા માન માગે. ૧

પ્રગટ થા પાસજી મેલી પડદો પરો,
મોડ અસુરાણને આપ છોડા;
મુજ મહીરાણ મંજુષમાં પેસીને,
ખલકના નાથજી બંધ ખોલો. ૨

શબ્દે શબ્દે દર્દભરી અરજી રજુ થતી હતી. સકલ સંઘ પૂ૦ શ્રી ઉદયરત્નજી મહારાજની આજુબાજુ ગોઠવાઇ ગયો હતો. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ધ્યાનમાં સૌ આતુરતાપૂર્વક તત્પર બની ગયા હતા. પૂજારીઓ 'આ યોગી શું કરશે?' એવા વિચારમાં અટવાઈ રહ્યા હતા. પૂ૦ ઉદયરત્નજી મહારાજની વાણી આગળ વધી—

જગતમાં દેવ જગદીશ તું જાગતો,
એમ શું આજ જિનરાજ ઉંઘે;
મોટા દાનેશ્વરી તેહને દાખીએ,
દાન દે જેહ જગ કાલ મુંઘે. ૩

શબ્દે શબ્દના પરમાણું દૂર દૂર ફેલાઇ રહ્યા છે. હૃદયમાંથી નીકળતો કરૂણ ધ્વનિ બંધ કમાડને પણ ફાડવા સમર્થ બની રહ્યો છે. સૌ કોઇ અદ્ધર નયને ઘડીમાં પેટીના દ્વારને તો ઘડીમાં કવિરત્નની મુખમુદ્રાને નિહાળી રહ્યા છે.

કમાડમાંથી કડ કડ અવાજ આવતો સંભળાયો. સભા સ્તબ્ધ બની ગઇ. નિસ્પંદ નયને અવિચલ ભાવે સહુ તાકી

સ્નાત્ર જળના પ્રભાવથી આંખના મોતીયા પણ ઉતરી ગયાના ચમત્કાર વર્તમાન કાળમાં બન્યા છે

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરાધના કરનાર વ્યક્તિ બાહ્ય-અભ્યંતર સર્વ ઉપદ્રવોથી મુક્ત બને છે. પં. શ્રી વીરવિજયજી મહારાજને એક યતિના ચઢાવવાથી કોઈ રાજા ઘણો જ ઉપદ્રવ કરતો હતો. પં. શ્રી વીરવિજયજી મહારાજે તે ઉપદ્રવને શાંત કરવા માટે શ્રી શંખેશ્વરજી તીર્થમાં આવી બાર મહિના સુધી ઉત્કટ તપ આદર્યું હતું. ઉપદ્રવમુક્ત થયા પછી શ્રી શંખેશ્વરજી તીર્થ પ્રત્યે અતુલ્ય ભક્તિ-શ્રદ્ધાવાળા હોવા તેમના ઉપદેશથી સં. ૧૮૭૭-૧૮૭૮ માં બે મોટા સંઘ અમદાવાદથી તેમની નિશ્રામાં નીકળ્યા હતા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની ભક્તિ કરનાર બાહુકો [illegible] શ્રદ્ધાપૂર્વક માને છે કે-તેમની યાત્રા કરવા જનાર પ્રાણી સર્વ [illegible]ની મુક્ત બને છે. અરે ! એ તો અનુભવસિદ્ધ [illegible] નાસ્તિકો ઈશ્વર વગેરેને નહિ માનનારા. જૈનશાસ[illegible] માનનારા એવા પણ મનુષ્યોને કોઈ પણ પ્રકારે [illegible] ભગવાનની આરાધનાના અનુરાગી બનાવવામાં [illegible] શ્રી જૈનશાસનના પરમ અનુરાગી [illegible] મહાન્ બને છે.

[illegible]ની તીર્થયાત્રા કરવા જનાર રસ્તામાં પણ [illegible] તેમના [illegible] શ્રી પાર્શ્વ [illegible] થાય છે.

[illegible] પુરાતનની મુસાફરીમાં પુરાવા

ભારોભાર રૂપિયા ભગવાનના ચરણે ધરવા માટે ગાડામાં બેસી નીકળી. રસ્તામાં ચોર લોકોને તેની ખબર પડતાં તેઓએ ગાડું રોકીને બધો જ માલ સામાન લૂંટી લીધો. તે બેને એકાગ્ર ચિત્તે પ્રભુજીને પ્રાર્થના કરી કે-'હે ભગવન્! મારા માટેનો આ પહેલો અને છેલ્લો પ્રસંગ હતો. ભવિષ્યમાં તારા ભંડારમાં આટલું ધન નાખી શકું તેવી મારી શક્તિ નથી. હવે મારી લાજ રાખવી તે તારા હાથની વાત છે.'

તત્કાલ કોઇ ઘોડેસ્વાર દોડતા ઘોડે ત્યાં આવ્યો અને તેણે ચોરોને ભય બતાવી દૂર કર્યા. માલ-મિલ્કત સહિત તે બેનને તે ઘોડેસ્વાર પાદર સુધી પહોંચાડી અદશ્ય થયો.

ઘણીવાર યાત્રાળુઓ રાત્રે રસ્તે ભૂલા પડ્યા હોય અને એકાગ્ર ચિત્તે તેઓ પ્રભુનું ધ્યાન ધરે તો તેમને ભગવાનના અધિ-ષ્ઠાયક દેવો સહાયક બની માર્ગ બતાવી રસ્તે પાડે છે, તેમજ ભયંકર અટવીમાંથી પણ યાત્રાળુઓને સીધો માર્ગ બતાવવામાં સહાયક બને છે. ઘણી વખત રાત્રે આવતા યાત્રાળુઓને રસ્તો ભૂલી જવાનો ભય ઉત્પન્ન થાય છે, તેવા વખતે શ્રી શંખેશ્વ-રજીના મંદિર ઉપર 'સર્ચલાઇટ' જેવું તેજ દૂર દૂર ફેંકાય છે, જે યાત્રાળુઓને માર્ગદર્શન આપે છે.

એક વખત ઝીંઝુવાડાથી શ્રી શંખેશ્વર તીર્થની યાત્રા કરવાને નીકળેલા સંઘને રસ્તામાં રક્ષણનું કોઇ સાધન હતું નહિ. સશસ્ત્ર ધાડપાડુઓ સંઘને લૂંટવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યાં જ સંઘના માણસો શ્રી શંખેશ્વરજી પાર્શ્વપ્રભુનું ધ્યાન ધરવા લાગ્યા, તરત જ શંખેશ્વરની દિશામાંથી ઘોડેસ્વાર સૈનિકોની એક ટુકડીએ આવી ચોરોને દૂર કર્યા, સંઘને સલામત

[૨]

અવૈરભાવી પ્રભુ

શ્રી પાર્શ્વનાથ ભગવાનના દશ ભવ.

પહેલો ભવ—મરૂભૂતિ

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં પોતનપુર નામની નગરીમાં શ્રી સંમતિવિજય મહારાજ પાસે સમકિત પામેલ વિશ્વભૂતિ નામના પુરોહિત વસતા હતા. તેમને સુશીલ–ધર્મપરાયણ અનુદ્ધરા નામની પત્ની હતી. બંનેના સંસારની નાવ સુખરૂપ ચાલતી હતી. ક્રમશઃ સાંસારિક સુખ ભોગવતાં તેમને કમઠ અને મરૂભૂતિ નામના બે પુત્રો થયા. યોગ્ય વયે યોગ્ય શિક્ષા [illegible] કમઠને વરૂણા અને મરૂભૂતિને વસુંધરા નામની પત્નીઓ [illegible] માં આવ્યા હતા. શ્રી વિશ્વભૂતિ સંયમ સ્વીકારી, [illegible] શુભ ભાવપૂર્વક આરાધના કરી પ્રથમ દેવલોકમાં [illegible] શુભ ભાવપૂર્વક કાળધર્મ પામી.

[illegible]

કરનારો શ્રાવક સર્વવિરતિનો અનુરાગી હોય છે. સર્વવિરતિના અનુરાગ વિનાની દેશવિરતિ એ સાચી દેશવિરતિ નથી. આપણા મરૂભૂતિને પણ હવે સમજાઈ ગયું કે-એનું પોતાનું સ્થાન સંયમની સુંદર સાધનામાં રહેલું છે, સંસારના કીચડમાં ફસાવાને એનું દિલ સાફ ના પાડવા લાગ્યું.

કમઠ ભારેકર્મી હતો, ધર્મ એને ગમતો નહિ, ઉન્માદીપણે એ વર્તન કરતો અને એશઆરામમાં જીવનની સફલતા સ્વીકારતો. ઉન્માદના કારણે કુલાચારને નેવે મૂકી કમઠ પોતાના નાનાભાઇ મરૂભૂતિની પત્ની વસુંધરા સાથે અનાચાર સેવવા લાગ્યો.

કમઠની પત્ની વરૂણા મરૂભૂતિને ચાહતી હતી. મરૂભૂતિ સદાચારી હતો. વરૂણાની આશા ફળી નહિ. વરૂણાએ કમઠ-વસુંધરાના અયોગ્ય સંબંધનો ભેદ મરૂભૂતિને જણાવી દીધો. આ રીતે કમઠ અને વસુંધરાનો કુયોગ મરૂભૂતિના જાણવામાં આવતાં તે ઘણો જ ખિન્ન થયો. સંસારની અસારતા અને સ્વાર્થી સંબંધોની પ્રપંચશીલતા એને સમજાવા લાગી. મરૂભૂતિએ આ વાત તે નગરના મહારાજા અરવિંદને જણાવી કે-કોઈ રીતે કમઠ સુધરે તો સારૂં. રાજાએ એને સમજાવ્યો, પણ સુધરવાને બદલે ઊલટો બગડ્યો. અંતે ક્રોધથી રાજાએ અનાચાર સેવનાર કમઠને પોતાના અનુચર મારફત ગધેડા ઉપર બેસાડી નગર બહાર કાઢી મૂકાવ્યો.

અપમાન પામેલા કમઠે નજીકમાં રહેલ તાપસના આશ્રમમાં જઈ જ્વલનશર્મા તાપસ પાસે તાપસ વ્રત સ્વીકાર્યું.

તેના હૈયામાં ક્રોધ ભર્યો હતો. અપમાન કરાવનાર ભાઈ ઉપર વેરની વસુલાત કરવા તેનું હૈયું તલસી રહ્યું હતું. બહારથી તે પંચાગ્નિ તપ તપી રહ્યો હતો અને અંદર વૈરાગ્નિથી તપી રહ્યો હતો. જુઓ કર્મની વિચિત્રતા! બે સગા ભાઈમાં પણ કેટલું અંતર! એક અમાસની અંધારી રાત જેવો, બીજો પુનમની ઉજળી રાત જેવો.

અહીં સરલ-દયાપરિણામી મરૂભૂતિને આ ભાઈના થયેલા અપમાન બદલનું દુઃખ સતાવી રહ્યું હતું. તેના અંતરમાં વારંવાર ભાઈની ક્ષમા માગવાની ભાવના જાગ્યા કરતી હતી.

ભવિષ્યમાં જે શ્રી તીર્થંકરદેવ થવાના હોય છે, તે ઉત્તમ આત્માઓના હૃદયની નિર્મળતા પણ ઉત્તમ પ્રકારની હોય છે. તેમના અંતરમાં ઊંડે ઊંડે ઉગેલા ભાવદયાના અંકુરા કદી [illegible] નથી, પરંતુ દિન-પ્રતિદિન વધતા જાય છે. સ્વાર્થને [illegible] સામે કરુણાપૂર્ણ આચરણ થઈ [illegible] પણ વિવેકશીલ એ આત્માઓના હૈયામાં [illegible] હૃદયની પણ તીવ્ર વેદના રહ્યા જ કરે છે.

[illegible] ભાઈની પાસે જઈ ક્ષમા માગવા [illegible] [illegible] પાસે ક્ષમા [illegible] પણ મરૂભૂતિ [illegible] [illegible] તેના [illegible] [illegible]

[illegible] અપમાન કરાવનાર [illegible] [illegible] ક્ષમા [illegible]

કારણે આપને ગૃહત્યાગ કરવો પડ્યો. આજે આપની સમક્ષ આપના દિલને જે દુભામણી થઇ હોય તેની હું વારંવાર ક્ષમા યાચું છું." કમઠના ચરણમાં ઝુકી મરૂભૂતિ પોતાની ભૂલની માફી માગી રહ્યો.

કમઠના અંતરમાં ક્રોધની જ્વાલા ભભૂકી ઉઠી. ક્ષમા યાચનાર અનુજ (નાના ભાઇ) ના મસ્તક ઉપર ક્રોધી કમઠે ઊભા થઇને જોરથી મોટી શિલા મારી. તેના પ્રહારથી જર્જરીત થઇ ગયેલો મરૂભૂતિ આર્ત્તધ્યાનમાં પડી ત્યાં ને ત્યાં જ પરલોકમાં સિધાવી ગયો.

કમઠના આ ઘાતકી કૃત્યથી અન્ય તાપસો કમકમી ઉઠ્યા. બધાએ તેને ધિક્કારી કાઢ્યો. જ્યારે બીજી બાજુ આર્ત્તધ્યાનના યોગે સમ્યગ્દર્શનની શુદ્ધિને ભૂલી, મરૂભૂતિનો જીવ મહા વેદનાને ભોગવતો મરીને દંડકારણ્યમાં હાથીપણે ઉત્પન્ન થયો.

બીજો ભવ–હાથી

આકાશમાં મેઘોનું ક્ષણમાં નષ્ટથવાપણું જોઈ, સંસારની અનિત્ય ભાવના ભાવતાં વૈરાગ્યવાસિત થયેલા અરવિંદ રાજાએ શ્રી સમન્તભદ્રાચાર્ય પાસે દીક્ષા લીધી. નિરતિચાર ચારિત્ર પાળતાં તેમને અવધિજ્ઞાન થયું. એક વખત શ્રી અરવિંદ રાજર્ષિ સાગરદત્ત સાર્થવાહના કાફલા સાથે અષ્ટાપદની યાત્રાએ નીકળ્યા. સાર્થપતિ સાગરદત્ત શ્રી અરવિંદ સુગુરુનો સંયોગ પામી, સમકિતરત્નને સ્વીકારી શ્રાવકધર્મનો અનુયાયી બન્યો.

આગળ વધતાં સાર્થે દંડકારણ્યમાં પ્રવેશ કર્યો. મરૂભૂતિનો જીવ હાથી સાર્થને જોતાં જ તે બધાને મારવા દોડે છે.

સાર્થવાહના કાફલામાં મોટો કોલાહલ ઉત્પન્ન થઇ ગયો ભયને લીધે લોકો જીવ બચાવવા જેમ તેમ નાશભાગ કરવા લાગ્યા. શ્રી અરવિંદ રાજર્ષિ તો શરીર પ્રત્યે પણ નિઃસ્પૃહ હતા. મરણના ભયથી જરા પણ નહિ ડરનારા એ મહામુનિ કરાળ કાળ જેવા વિકરાળ મહાકાય હાથીની સામે પ્રસન્ન મુદ્રાએ કાઉસ્સગ્ગધ્યાને ઉભા રહ્યા.

મુનિરાજ સામે ધસી આવતો હાથી તેમનું પ્રસન્ન મુખ-તેજ જોઇને જ અંજાઇ ગયો. ક્રોધના કાદવથી ખરડાયેલા હાથીના હૈયામાં જાણે ગમીગ્રહિ થવા લાગી. અનિમેષ નયને મુનિરાજને નિહાળી રહેલા હાથીને જોઇ શ્રી અરવિંદ રાજર્ષિ [illegible] કે—" મહાનુભાવ! અરિહંત ભગવાનના શુદ્ધ ધર્મને [illegible] પણ. આર્તધ્યાનને વશીભૂત થવાના કારણે તારે [illegible] યોનિમાં ઉત્પન્ન થવું પડયું છે; માનવભવ, તથા [illegible] સંપૂર્ણ સુંદર સામગ્રી પામીને પણ તું [illegible] ના કાદવમાં ઊંડે ને ઊંડે ખુંચી [illegible] ? મહાનુભાવ! તેનો જરા શાન્ત [illegible]

[illegible]

સંવેગ અને નિર્વેદભાવે સંતોષ રાખી ઉત્તમ ભાવનાના નિર્મળ જળમાં સ્નાન કરતો હાથી પોતાના જીવનનિર્વાહને સુખપૂર્વક ચલાવતો હતો.

જળની ગવેષણા કરતો હાથી એક વખત સરોવર પાસે આવ્યો. સરોવરમાં પગ મૂકતાં જ તે ફસાઇ પડ્યો. પેલો વૈર-ભાવી કમઠનો જીવ પણ આર્ત્તધ્યાનથી મરીને એ જ જંગલમાં કુર્કુટજાતિના સર્પ તરીકે ઉત્પન્ન થયો હતો.

યોગાનુયોગ હાથીને જોતાં જ તે સાપને વૈર લેવાની બુદ્ધિ વિશેષતઃ જાગૃત બની. ક્રોધથી ધમધમતો કુર્કુટસર્પ હાથીના ગંડસ્થલ ઉપર ચઢી તીક્ષ્ણ ઝેરવાળી દાઢોના પ્રહારથી હાથીને હત-પ્રહત કરી નાખ્યો.

ત્રીજો ભવ—સહસ્રાર દેવ

તિર્યંચના ભવમાં પણ હાથી છટ્ઠ-અટ્ઠમની તપસ્યા નિર્મલ ભાવથી કરતો હતો. છેલ્લે જ્યાં ઉપદ્રવ થયો ત્યાં જ હાથી પોતાના પૂર્વભવના કર્મના પરિણામને સમજી, સમભાવે સહન કરતો, જરાય દ્વેષબુદ્ધિ કર્યા વિના, શુભ ભાવપૂર્વક શ્રી પંચ-પરમેષ્ઠિનું સ્મરણ કરતો, સકલ જીવરાશિને ખમાવતો, કાલ કરી આઠમા **સહસ્રાર** દેવલોકમાં દેવ થયો. તિર્યંચ જીવને આરાધનાના બળે જે ઉંચી ગતિ મળે તે આ હાથીને મળી.

પેલો સર્પ તીવ્ર અશુભ અધ્યવસાયથી મરીને પાંચમી નારકીમાં નારકપણે ઉત્પન્ન થયો. પાઠકો ધ્યાન રાખો કે—અવૈરભાવી મરૂભૂતિનો જીવ હવે ઉંચે ચઢતો જાય છે, જ્યારે વૈર-ભાવી કમઠનો જીવ નીચે પડતો જાય છે.

ચોથો ભવ–કિરણવેગ

જંબૂદ્વીપના પૂર્વ મહાવિદેહક્ષેત્રમાં સુકચ્છ નામની વિજયમાં વૈતાઢ્ય પર્વત ઉપર તિલકપુરનામના નગરમાં વિદ્યુતગતિ નામના વિદ્યાધર રાજા રાજ્ય કરતા હતા. તેને તિલકાવતી નામની રાણી હતી. તે તિલકાવતી રાણીની કુક્ષિમાં મરૂભૂતિનો જીવ આઠમા દેવલોકમાંથી ચ્યવી શુભ સ્વપ્નસૂચિત પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ કિરણવેગ રાખવામાં આવ્યું.

શ્રી શ્રુતસાગર ગુરુ પાસે પોતાના પૂર્વભવનું ચમત્કારિક દર્શન સાંભળી, વૈરાગ્યવાસિત બનેલ વિદ્યુતગતિ રાજાએ કિરણવેગને રાજગાદી ઉપર બેસાડી સંયમને સ્વીકાર્યું. સમય જતાં કિરણવેગ રાજાને ધરણવેગ નામનો પુત્ર થયો હતો. રાજા [illegible] વૈરાગ્યનાં અનુક્રમે સંસારનાં ભોગસુખોની ક્ષણિકતાનો વિચાર કરી, પુત્રને રાજગાદી ઉપર બેસાડી શ્રી વિજયભદ્રાચા[illegible] પાસે [illegible] રાજા કિરણવેગે કર્મના મર્મને તો[illegible] [illegible] દીક્ષા ગ્રહણ કરી.

[illegible]

પ્રત્યે સમભાવનાનું અમૃતપાન કરી રહ્યા હતા, ત્યારે
ા કમઠના જીવે નરકમાંથી નીકળીને શું કર્યું ? તે હવે
પણે જોઇએ.

કુર્કુટસર્પનો જે જીવ મરીને પાંચમી નરકમાં ઉત્પન્ન
ો હતો, તે ત્યાં પોતાનું ૧૭ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ
ીને, વચ્ચે થોડા ભવો ભમીને હેમગિરિ પાસેની વનઘટામાં
ક યોજનના શરીરપ્રમાણવાળો સર્પ થઇ દિશા-વિદિશામાં
મી રહ્યો હતો.

કિરણવેગ રાજર્ષિએ જ્યાં ઉગ્ર તપપૂર્વક પ્રતિમાધ્યાન
ાદર્યું હતું, તે બાજુ એ સર્પ અચાનક આવી ચઢયો. પૂર્વના
પ અને વેરભાવના અભ્યાસથી આ મુનિરાજને જોતાં જ સર્પ
ધથી ધમધમી ઉઠ્યો. મુનિના આખા શરીરે તીક્ષ્ણ
ખ માર્યા.

પાંચમો ભવ–અચ્યુત દેવ

આ વખતે સમભાવી વિદ્યાધર રાજર્ષિ જરા પણ રોષની
ાગણીને ઉપસવા દેતા નથી. અરે ! એમણે તો સાપને પોતાનો
પકાર સાધવામાં સહાયક માન્યો. ઉપકારી ઉપર જેવો ભાવ જાગે
વો ભાવ મુનિરાજને સાપ ઉપર થયો. આત્મધ્યાનમાં તત્પર,
મતાસાગરમાં સ્નાન કરતા, શ્રી પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરતા,
ુનિરાજ સર્પના આક્રમણથી કાળ કરીને બારમા અચ્યુત
ેવલોકમાં બાવીશ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા.
બલ પુણ્યના પ્રતાપે આરાધકભાવી મુનિરાજ દેવસમૃદ્ધિને
ાગ્યા.

ક્રૂર કર્મ કરવાવાળો એક યોજનની કાયાવાળો વિરાધકભાવી સર્પ દવમાં બળી મરી, ધૂમપ્રભા નામની પાંચમી નરકમાં અઢીસો ધનુષ્યના શરીરપ્રમાણવાળો, સત્તર સાગરોપમની આયુષ્યસ્થિતિવાળો નારકી થયો.

સુકૃત અને દુષ્કૃતના પરિણામની દશાનો વિચાર કરતાં સહેજે સમજી શકાય તેમ છે કે-કર્મના દારૂણ વિપાકથી અજ્ઞાન એવી વ્યક્તિઓ પાપકર્મની આસક્તિના કારણે કેવા આકરા વિપાકોને ભોગવે છે, અરે! આ ભવમાં પણ દુઃખ અને દરિદ્રતાના ભાગી બને છે અને પરભવમાં પરમાધામીના પાશમાં પકડાઈ નરકની અસહ્ય વેદનાઓ અનુભવે છે. શુભ કર્મ કરનાર સુકૃતના યોગે સ્વર્ગાપવર્ગનો અધિકારી બને છે, એ નિઃસંદેહ છે. સુકૃત અને દુષ્કૃતનાં આ પરિણામોને નજર સામે રાખવા છતાં પાપીઓ પાપાચારથી નિવૃત્તિ નથી લઈ [illegible] એ [illegible] શરમની વાત છે.

[illegible]

[illegible]

ચક્રી અને સમગ્ર સૈન્ય વિજયની વરમાળા વરવા માટે આગેકૂચ કરવા તત્પર બન્યું. ત્યાં માગધ દેવ, અને તે પછી અન્યત્ર વરદામ દેવ, પ્રભાસ દેવ, વૈતાઢ્ય પર્વતની ગુફાના અધિષ્ઠાતા દેવ. આ બધાને ચક્રીએ અટ્ઠમ તપની આરાધના દ્વારા પોતાની આજ્ઞાને આધીન બનાવ્યા. મ્લેચ્છાધિપતિઓને પણ જીતી લઈ છ ખંડના અધિપતિ બનીને ચક્રવર્તી પોતાના નગરમાં આવ્યા. બત્રીશ હજાર મુકુટબદ્ધ રાજાઓએ બાર વર્ષ સુધી ચક્રીપણાનો અભિષેક કર્યો. પુણ્યનો સિતારો ભાગ્યના ગગનાંગણમાં ચમકી રહ્યો હતો. જીવનબાગમાં પૂર્વે કરેલી આરાધનાનું ફળ મોક્ષ ભાવતઃ પૂર્વે પુણ્યવિપાકનાં ફૂલો જાણે વસંતાગમનના કારણે ખીલી ઊઠ્યાં હોય, તેમ મનુષ્યલોકના ભોગોપભોગની સર્વોત્કૃષ્ટ સામગ્રી ચક્રવર્તીના ચરણે આળોટી રહી હતી.

રિના કિનારે સૂર્ય સન્મુખ નેત્ર સ્થાપન કરી નિર્નિમેષ નયને ધ્યાન કરી રહ્યા હતા. ત્યાં શું બન્યું તે હવે જુઓ.

આ બાજુ કુરંગક નામનો ભિલ્લ મહામુનિ વજનાભને હણી પોતાના પરાક્રમની પ્રશંસા કરતો, અનેક જીવોની હિંસા કરતો ભમતો હતો, કાળક્રમે અનેક રોગો તેના શરીરમાં ઉત્પન્ન થયા. તેમાં બળતો તે અતિ રૌદ્રધ્યાનથી મરીને છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થયો. ત્યાં તેણે અકથ્ય કારમી વેદનાઓ બાવીસ સાગરોપમના કાળ સુધી અવિશ્રાન્તપણે સહન કરી, આયુષ્ય પૂર્ણ થયા પછી તે મરીને બીજા કેટલાક ભવોમાં રખડ્યો, બાદ આ જ જંગલમાં સિંહ થયો હતો. મુનિરાજ નિશ્ચલભાવે કાઉસ્સગ્ગધ્યાને ઊભેલા હતા. તેમની પ્રસન્ન મુખમુદ્રામાંથી જાણે સંસારના સંતપ્ત જીવોને પ્રભાવિત કરતી નિર્મલ નીરની ધારાઓ વહી રહી હતી. માયા-મમતા વગરના આ મુનિરાજને જોતાં જ, જ્યારે પાપીઓ પણ પોતાના પાપનો સર્વથા ત્યાગ કરી દેતા હતા, ત્યારે પેલા સિંહે ભક્ષ્યની શોધમાં ભમતાં, જ્યાં મુનિરાજને જોયા કે તુરત જ તેની આંખમાંથી ઉલ્કાપાતનો અગ્નિ વરસવા માંડ્યો, પૂર્વના વૈરાનુબંધનો ગુણાકાર થતો ચાલ્યો આવતો હતો, આ સ્થિતિમાં એ પામર જીવને બીજું થાય પણ શું ? સમતાના સાધક મુનિના સંયોગે, તેના અંતરનો અગ્નિ, શાંત થવાને બદલે પ્રદીપ્ત થયો. મુનિને મારવા સિંહ ગર્જના કરતો મુનિ સામે ધસ્યો. મુનિરાજે પોતાનો મૃત્યુકાળ નજીક જાણી તુરત જ સિદ્ધ ભગવાનની સાક્ષીએ ચારેય આહારનો ત્યાગ કર્યો અને અનશન સ્વીકાર્યું.

સૌધર્મેન્દ્ર પાલક નામના વિમાનમાં આરૂઢ થઈ, અસંખ્ય દ્વીપસમુદ્રનું ઉલ્લંઘન કરતા વાણારસી નગરીમાં ભગવાનની સન્મુખ, જિનગૃહને, જિનેશ્વરને તથા જિન-માતાને પણ પ્રદક્ષિણા આપી ઉપસ્થિત થયા. સૌધર્મેન્દ્ર સાથે ચાર લોકપાલ, ત્રણ પર્ષદા, ચોરાશી હજાર સામાનિક દેવો. ત્રણ લાખ છત્રીસ હજાર અંગરક્ષક દેવો તથા બીજા

આ વખતે આસન કંપાયમાન થવાથી સર્વ ઈન્દ્રો ભગવાનનો જન્મ-મહોત્સવ જાણી ત્યાં આવ્યા. અચ્યુતેન્દ્રના આદેશથી અન્ય દેવોએ લાવેલ સુગંધી જલ, ઔષધી વગેરે ઉત્કૃષ્ટ સામગ્રીથી અચ્યુતાદિ બધા ઈન્દ્રો વગેરેએ પરમાત્માને કરોડો અભિષેકો કર્યાં.

છેલ્લે ઈશાનેન્દ્રના ઉત્સંગમાં પ્રભુજીને પધરાવી સૌધર્મેન્દ્રે વૃષભનાં ચાર રૂપો વિકુર્વી પોતાનાં શૃંગ દ્વારા સુગંધી જલનો ભગવાનને અભિષેક કર્યો આ વખતે અન્ય દેવતાઓ વિવિધ વાજિંત્રો વગાડતા હતા, નૃત્ય કરતા હતા, છત્ર ધરતા હતા અને ચામરાદિ વિંઝતા હતા. અભિષેકની સર્વ વિધિ પૂર્ણ થયા પછી ગંધકાષાયી કોમળ વસ્ત્રથી પ્રભુજીના દેહને લૂંછીને વિવિધ વસ્ત્રો અને અલંકારો પહેરાવ્યા, અને તેમની સન્મુખ ધૂપ ઉખેવી અષ્ટ માંગલિક આલેખી આરતી ઉતારી. ઈન્દ્ર મહારાજાએ ભગવાનની ભાવપૂર્વક ભક્તિ-સ્તુતિ કરી, જન્મકલ્યાણક ઉજવી કૃતકૃત્યતા અનુભવી સૌધર્મેન્દ્ર સિવાય બધા જ ઈન્દ્રાદિ દેવો પોતપોતાના સ્થાને ગયા. સૌધર્મેન્દ્ર શ્રી જિનેશ્વરને જિનગૃહે લાવી, માતાની અવસ્વાપિની નિદ્રા તથા ભગવાનનું પ્રતિબિંબ સંહરી ભગવાનને માતા પાસે મૂક્યા અને ઉદ્‌ઘોષણા કરી કે–'ભગવાન અને ભગવાનની માતાનું જે કોઈ અનિષ્ટ ચિંતવશે તેનું મસ્તક પાકા ચીભડાની માફક સાત ટુકડે તુટી જશે.' બાદ બત્રીસ ક્રોડ રત્ન અને સુવર્ણની વૃષ્ટિ કરી ઈન્દ્ર મહારાજ સ્વસ્થાને ગયા.

પ્રિયંકરા નામની દાસીએ પુત્રજન્મની વધામણી

અશ્વસેન રાજાને આપી. અશ્વસેન રાજાએ દાસીને ખૂબ દાન આપ્યું અને પુત્રજન્મનો મહા મહોત્સવ શરૂ કર્યો. સૂર્યદર્શન, ષષ્ઠિજાગરણ વગેરે થયા પછી બારમે દિવસે સર્વેનો ભોજનાદિથી સત્કાર કરી પરમાત્માનું ગુણનિષ્પન્ન એવું 'પાર્શ્વકુમાર' નામ પાડ્યું.

ઈન્દ્રે અંગુઠામાં સ્થાપન કરેલ અમૃતનું પાન કરતા ભગવાન બાલ્યાવસ્થામાંથી યુવાવસ્થામાં આવ્યા, ત્યારે કુશસ્થલ નગરના રાજા પ્રસેનજિતની પુત્રી પ્રભાવતીદેવી સાથે ભગવાનનું પાણિગ્રહણ થયું. ભોગાવલી કર્મને નિર્લેપ-પણે ભોગવતાં ભગવાન પોતાનું એ કર્મ ખપાવી રહ્યા હતા.

એક સમયે ભગવાને પોતાના મહેલની અટારીમાંથી પૂજાની સામગ્રી લઈને નાગરિકોને ઉત્સાહપૂર્વક નગર બહાર નીકળતા જોયા અને પોતાના સેવકોને તેનું કારણ પૂછ્યું. સેવકોના મુખથી કમઠ નામના મહા તાપસીનું આગમન જાણ્યું. ભગવાન, ગર્ભમાં આવ્યા ત્યારથી જ [illegible] ત્રણે જ્ઞાનના ધારક હતા. કમઠમાં [illegible] ની ક્રિયા [illegible] પોતાના અવધિજ્ઞાનથી [illegible] જાણીને [illegible] કરી [illegible] [illegible] [illegible]

આરંભી તમે તપસ્વીના નામે તમારી જાતને ઓળખાવો, તે તો અયોગ્ય જ ગણાય.'–એમ કરૂણાસાગર ભગવાને અત્યંત કોમલ વાણીથી તાપસને સંબોધ્યો.

'રાજકુમાર ! અશ્વક્રીડા કરવામાં મશગુલ તમને કષ્ટસાધ્ય તપની ખબર ન પડે. ભોગવિલાસની લાલસામાં–રાજવૈભવમાં તમારૂં જીવન ખલાસ થઇ રહ્યું છે, એનો વિચાર કર્યા વિના સંસારવિમુખ બનેલા એવા અમને ઉપદેશ આપવાની તકલીફ કેમ લેવી પડી ?'–એમ કમઠ કટાક્ષથી બોલ્યો.

'અરે મહાનુભાવ ! જેમાં પ્રત્યક્ષ જીવવધ થઈ રહ્યો છે અને તમે જો એને ધર્મ કહેતા હો, તપ કહેતા હો, તો તે તપ નથી કે ધર્મ પણ નથી, કેવળ કાયાને કષ્ટ આપવા જેવું જ છે. શા માટે તમે તમારી જાતને ઠગો છો ?' એ પ્રમાણે પ્રભુ સ્થિર નયને શાન્ત ભાવે સત્ય વસ્તુ સમજાવતા હતા.

'ઓ રાજકુમાર ! તપસ્વીનું અપમાન કરવાનો તમને અધિકાર નથી. ધર્મ અમારી પાસે હોય. તમારી પાસે તો ધન. તમે તમારો રસ્તો માપી લો. નાહક અમને ક્રોધી બનાવી અમારા તપમાં ખલેલ પહોંચાડશો નહિ.' ક્રોધથી લાલ નેત્રવાળો બની કમઠ બોલી ઉઠ્યો.

કરૂણાસિન્ધુ શ્રી પાર્શ્વનાથ ભગવાને વધુ કાંઈ પણ કમઠને કહેવું તે દેવતા ઉપર દારૂ નાખવા જેવું જાણી, પાસે ઉભેલા અનુચરને બળતા લાકડામાંથી એક લાકડું

બતાવી તેને બહાર ખેંચવા કહ્યું. બળતા કાષ્ટને બહાર કઢાવી તેનું વિદારણ કરાવતાં તેમાંથી અર્ધબળતો કાળો નાગ નીકળ્યો. બળતા નાગને પ્રભુએ મધુર વાણીથી સેવક પાસે શ્રી 'નવકાર મહામંત્ર' સંભળાવ્યો. શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતો નાગ ત્યાંથી મરી ધરણેન્દ્ર દેવ બન્યો.

લોકોની નિર્ભર્ત્સના પામેલો કમઠ પરમકૃપાળુ પરમાત્મા ઉપર દ્વેષબુદ્ધિ ધારણ કરી તે સ્થળેથી તુરત જ ચાલ્યો ગયો. અજ્ઞાન કષ્ટ કરીને તે મૃત્યુ પામી મેઘમાલી નામનો દેવ થયો.

વસંત ઋતુમાં ઉદ્યાનવિહાર માટે વિચરતા સહજ વિરાગી એવા ભગવાન શ્રી પાર્શ્વનાથને, રાજુલદેવીનો ત્યાગ કરી જનારા ભગવાન શ્રી નેમિનાથના ચિત્રને જોઈ વૈરાગ્ય ભાવની વૃદ્ધિ થઈ. મહાપુરુષોને પણ નિમિત્તો પ્રેરક બને [illegible] બીજા સામાન્ય જીવોનું તો પૂછવું જ શું? [illegible] દેવો પણ પોતાના આચાર પ્રમાણે ભગવાનની [illegible] ભગવાનને ધર્મતીર્થ પ્રવર્તાવવાની [illegible] [illegible] દાન દેવાનું આરંભ્યું.

[illegible]

ઉદ્યાનમાં પોષ વદ ૧૧ (માગશર વદ ૧૧)ના શુભ દિવસે અઠ્ઠમની તપસ્યાપૂર્વક ત્રણસો કુલિન રાજપુત્રો સાથે ત્રીસ વર્ષની વયે સ્વયં પંચમુષ્ઠિ લોચ કરીને દીક્ષા ગ્રહણ કરી.

સર્વ સાવદ્યયોગનાં પ્રત્યાખ્યાન કરતાં જ ભગવાનને નિર્મલ ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું. બાદ સર્વ દેવ-દેવીઓ અને નર-નારીઓ દીક્ષા-કલ્યાણક ઉજવી પોત-પોતાના સ્થાને ગયા. ભગવાને કાઉસ્સગ્ગધ્યાનમાં રાત્રિ પસાર કરી. બીજે દિવસે અઠ્ઠમનું પારણું ધન્ય નામના સાર્થવાહને ત્યાં પરમાન્નથી કર્યું. પંચ દિવ્ય દેવતાઓએ પ્રગટાવ્યાં. નગરજનોએ ધન્ય ધન્ય પોકારોથી ધન્યને વધાવી લીધો.

ક્રમશઃ વિહાર કરતા પરમાત્મા કલિ નામના પર્વત ઉપર કાઉસ્સગ્ગધ્યાને ઊભા હતા. ત્યાં મહીધર નામનો મતંગજ (હાથી) ભગવાનને જોઈ જાતિસ્મરણજ્ઞાન પામ્યો. સુંદર સુગંધીવાળા વિકસ્વર કમળોથી તેણે પરમાત્માની પૂજા કરી. નજીકમાં ચંપા નગરીના કરકંડુ રાજા ભગવાનના અતિશયને ચરપુરૂષો દ્વારા જાણી, અત્યંત આનંદિત બની બીજે દિવસે ચતુરંગી સેના સાથે ભગવાનનાં દર્શન કરવા આવ્યો.

કરકંડુ રાજા ત્યાં પહોંચ્યો તે પહેલાં અપ્રતિબદ્ધ-વિહારી ભગવાન તો વિહાર કરી અન્યત્ર પધારી ગયા હતા. એ જોઈને કરકંડુ રાજાએ પ્રભુના ચરણકમલથી પવિત્ર થયેલી ભૂમિ ઉપર શ્રી જિનમંદિર બંધાવી શ્રી

પાર્શ્વનાથ ભગવાનની મણિમય પ્રતિમા પધરાવી. આથી તે કલિકુંડ તીર્થના નામે ત્યારથી પ્રસિદ્ધિને પામ્યું. હાથી શુભ ભાવપૂર્વક શ્રી પાર્શ્વનાથ પરમાત્માનું ધ્યાન ધરતો મરણ પામી કલિકુંડ તીર્થનો અધિષ્ઠાયક દેવ થયો.

શિવનગરીની બહાર કોશામ્બ વનમાં ભગવાન પધાર્યા. ત્યાં ધરણેન્દ્રે આવી ભગવાનના મસ્તક ઉપર ત્રણ અહોરાત્ર સુધી સર્પનું રૂપ ધારણ કરી પોતાની ફણાવાળું છત્ર ધારણ કર્યું. બાદ તે ભૂમિ અહિછત્રા નામે પ્રસિદ્ધિને પામી.

રાજપુર નગરની રાજવાટિકામાં ઈશ્વર નામના એક રાજાએ ભગવાનના દર્શન માત્રથી જાતિસ્મરણજ્ઞાન પામી. પરમ્પરાએ પરમાત્માને પોતાના પરમોપકારી માની કુર્કટે-શ્વર તીર્થની સ્થાપના કરી. આમ જગતમાં મહાપ્રભુનો મહિમા સર્વત્ર વ્યાપી રહ્યો હતો.

પોતાની કાયાનું છત્ર કરી દઈ ઉપદ્રવને સંહરી મેઘમાલીને ધિક્કારી કાઢ્યો.

ધરણેન્દ્રદેવથી પરાભૂત થયેલો મેઘમાલી પોતાના આચરણની નિંદા કરતો પોતાના સ્થાને ગયો. ધરણેન્દ્ર અને પદ્માવતી પોતાના પરિવાર સાથે ભગવાનની સ્તુતિ-પ્રાર્થના કરી પોતાના સ્થાને ગયાં.

દીક્ષાના દિવસથી ૮૪મા દિવસે-ચૈત્ર કૃષ્ણ ચતુર્થીના દિવસે વિશાખા નક્ષત્રમાં ચંદ્ર આવતાં, ધાતકી વૃક્ષ નીચે પરમાત્મા નિર્મલ અઠ્ઠમ તપથી આત્માને ભાવતા હતા. ત્યાં મહાપ્રભુને નિર્મલ પંચમ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું.

ભગવાનનું કેવલજ્ઞાન-કલ્યાણક ઉજવવા અસંખ્ય દેવ-દેવીઓ ઉપસ્થિત થયા. વૈમાનિક દેવેન્દ્રો, ચમરેન્દ્રો, બલીન્દ્ર વગેરે અસુરેન્દ્રો, વાણવ્યંતર અને જ્યોતિષ દેવેન્દ્રો વગેરે ચોસઠેય, અરે ! અસંખ્ય ઈન્દ્રો ત્યાં આવ્યા. દેવોએ ભગવાનની દેશનાભૂમિ માટે સમવસરણ રચ્યું.

સમગ્ર જગતમાં શાંતિના સંસ્થાપક, મોક્ષપુરીનો સંઘ કાઢનારા મહા પ્રભુ સમવસરણમાં બીરાજી જગતનો ઉદ્ધાર કરવામાં સમર્થ વાણીના ધોધને વહાવે છે. દેવતાઓ વાંસળીઓમાં એ સ્વરને ઝીલી લે છે. ભગવાનના અતિશયના પ્રભાવે દેવ-દેવીઓ, નર-નારીઓ, તિર્યંચો સહુ કોઈ પોતપોતાની ભાષામાં ભગવાનની હૃદયંગમ વાણીને ઉત્કંઠિત મને સાંભળી રહ્યા છે.

નથી ભગવાનના સમવસરણમાં કોઈને કોઈની સાથે વૈર કે વિરોધ. ભગવાનનો ઉપદેશ સાંભળી પ્રવ્રજ્યાને વરેલા શુભ દત્ત આદિ દશ મહા મુનિઓને ભગવાને ત્રિપદી આપી ગણધરપદે સ્થાપન કર્યા. રાજા અશ્વસેન, વામાદેવી, પ્રભાવતીદેવી આદિએ પણ ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી.

શ્રી પાર્શ્વનાથ ભગવાનને દશ ગણધરો, સોળ હજાર સાધુઓ. આડત્રીશ હજાર સાધ્વીઓ, એક લાખ ચોસઠ હજાર ઉત્તમ શ્રાવકો અને ત્રણ લાખ ઓગણચાળીશ હજાર શ્રાવિકાઓ આદિ પરિવાર હતો. શ્રી પાર્શ્વનાથ પ્રભુએ ત્રીસ વર્ષ ગૃહસ્થપણામાં અને સિત્તેર વર્ષ સંયમપર્યાયમાં ગાળ્યાં હતાં.

રહેલા દ્વેષ-વૈરભાવી-નિઃશુક ક્રોધીપણાના દોષનો સદંતર ત્યાગ કરે; અને એ રીતે આત્માના અધઃપાતને અટકાવી, આત્માના ઉર્ધ્વગામી વિકાસને સંપૂર્ણ બનાવી પરમ પદને પ્રાપ્ત કરે; એ જ અમારી મંગલ કામના છે. ચાલો, ત્યારે ભક્ત ઉપર રાગ કે દુશ્મન ઉપર દ્વેષ વિનાની ભગવાનની આ ઉદાર વૃત્તિને આપણા જીવનમાં પ્રાપ્ત કરવા માટે આપણે સૌ પૂ૦ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શબ્દોમાં ભગવાનને નમસ્કાર કરી વિરમીએ.

कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।
प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥

ઇતિ શ્રી પાર્શ્વનાથના ભગવાનના
દશ ભવનું વર્ણન સમાપ્ત.

વતા દેવતા રૂપ પણ નથી થયો ? અને રાજા મહારાજા આદિનું ઐશ્વર્ય ભોગવતા મનુષ્ય રૂપ પણ શું નથી થયો ? ક્યાં એવાં નામ અને રૂપ છે કે જે આ જગતમાં મ્હેં ધારણ કર્યાં ન હોય ? હું સઘળે થયો છું અને સઘળાં નામ રૂપ મ્હેં ધારણ કર્યાં છે; ત્યારે 'હું કોણ છું ?'

હું મ્હારી જાતને મોટા તરીકે જ્યારે જોઉં છું ત્યારે મ્હને અહંકાર આવે છે. નીચા તરીકે જોઉં છું ત્યારે નિરાશ થાય છે. ગુણવાન, રૂપવાન, ધનવાન, બળવાન આદિ પણે જોઉં છું ત્યારે મદ થાય છે. એથી વિપરીત જાણું છું ત્યારે દીનતા આવે છે. વખાણ સાંભળીને ફુલાઉં છું. [illegible] તેવી હાયકાયનો ઉદ્વેગ મ્હારામાં ન હોય. નિંદા સાંભળીને ગુસ્સે થાઉં છું, પાણી [illegible] [illegible] [illegible] ત્યાં બેસું છું. [illegible] [illegible] ગમે છે, મરવું નથી ગમતું. [illegible] [illegible] [illegible] ડરતો ફરું છું. [illegible] 'હું કોણ ?'

[illegible]

એક સિંહની કથા

ગીરની એક ગુફામાં એક સિંહ રહેતો હતો. તેને એક સિંહણ અને તેનાથી થએલાં બચ્ચાં પણ હતાં. એક દિવસ સમીસાંઝ પડતાં તે સિંહ ભક્ષ્ય મેળવવા ગુફા બહાર ચાલ્યો ગયો. એની એકે એક ફાળમાં ગાઉના ગાઉ કપાઈ જતા. દૂરના એક જંગલમાં તે આવી પહોંચ્યો. ત્યાંથી એક બુઢ્ઢી ડોશી માથે કાષ્ટનો ભારો ઉપાડીને ચાલી જતી હતી. પગની ઉતાવળી ગતિએ તે જતી હતી–એટલું જ નહિ પણ મુખમાંથી શબ્દોયે વેરતી જતી હતી. એકલી એકલી પણ તે બબડતી જતી કે–'ચાલ, ચાલ, રાતનો રાજા આવશે તો ભારે થશે.' સિંહે તે સાંભળ્યું, તેણે વિચાર્યું કે—"હું વનનો રાજા છું, પણ આ 'રાતનો રાજા' કહે છે તે કોણ?" સિંહ ગભરાયો. ગરીબ બકરા જેવો થઈને ત્યાં જ પડી રહ્યો. એકે કદમ આગળ ભરી શક્યો નહિ.

એ જ જંગલમાં નજીકની ઝાડીમાં એક વણઝારાએ રાત્રે પડાવ નાખ્યો હતો. વહેલી સવારે પ્રયાણની તૈયારી કરતાં તેને પોઠો તપાસી. એક પોઠ ખોવાઈ ગયેલો જણાયો. તે જોવા નીકળ્યો. સિંહ જ્યાં ગરીબડો થઈને પડ્યો હતો ત્યાં તે આવ્યો. એનાં પગલાંના પડઘાથી સિંહ જોર મૂંઝાણો. એણે માન્યું કે આ જ 'રાતનો રાજા' આવ્યો. વણઝારે અંધારામાં એ સિંહને જ પોઠ માની કાન મરડીને ઊભો કર્યો. આત્મભાન ભૂલેલો સિંહ વણઝારાની પોઠો

ભેગો પોઠ ઉપાડીને ચાલ્યો. સિંહણે આખી રાત રાહ જોઈ. સવાર સુધી સિંહ આવ્યો નહિ. ઉંચા ગિરિશૃંગ ઉપરથી નજર નાખી. સિંહને પોઠ ઉંચકીને નીચા મુખે ચાલ્યો જતો સિંહણે જોયો. સિંહણ સમજી ગઈ કે સિંહ સ્વભાન ભૂલી ગયો છે. તેને જાગૃત કરવા સિંહણે સિંહનાદ કર્યો. સિંહનાદ સાંભળતાં જ વણઝારો અને તેની અન્ય પોઠો ચારે દિશામાં ભાગી ગયા. સિંહમાં ચેતન આવ્યું. પોતે સિંહ હતો અને વ્યર્થ મૂંઝાયો તેનું ભાન થયું. તેણે પોઠ ફેંકી દીધી. એક જ ફાળ ભરીને તે સિંહણ ભેગો થયો.

હું ગમે તે યોનિમાં, ગમે તે નામમાં, કે ગમે તે રૂપમાં હોઉં પણ હું તે જ નથી. **હું તો છું અનન્ત શક્તિમાન સહજાનન્દસ્વામી ચૈતન્ય સ્વરૂપ આત્મા.** જડના સંયોગે હું પણ મ્હારૂં ભાન ભૂલી ગયો હતું અને તેથી જ એનો ભાર ઉપાડીને કર્મ (રાજા)ની દમાનો ફરૂં છું. [illegible] મહાત્માના [illegible] પ્રમાણે ત્યાગી સદ્‌ગુરુનો સદ્‌બોધ [illegible] હું સમજી ગયો છું કે—આ સંસાર નાટકમાં [illegible] અનાદિથી અનેક ભિન્ન ભિન્ન પાઠ ભજવનારો હું [illegible] ગયો છું. શેઠ કે નોકર, રાજા [illegible] કે ગુલામ, રોગી કે ભોગી, સુખી કે દુઃખી, [illegible] નથી. [illegible] કર્મના [illegible] [illegible]

જ્યાં સુધી હું કર્માધીન રહીશ ત્યાં સુધી જે હું નહિ ચાહું તે ભોગવવું પડશે, ચાહીશ તે આઘું જશે. મ્હારે શા માટે બીજાને દોષ દેવો જોઇએ ? મ્હારા ઇષ્ટ કે અનિષ્ટનો, કિંવા સુખ-દુઃખનો કર્તા હું જ છું. સંસાર અનંતો ચોપાટ છે. જો હું એમાં સીધો માર્ગ ન પકડું તો સોગઠીની જેમ 'पुनरपि जननं पुनरपि मरणं'ના માર ખાતા ખાતા મ્હારે ભમવું જ પડે. દુઃખના અંશ વિનાના સંપૂર્ણ અને અવિનશ્વર સુખને ચાહનારો હું છું. પરમેશ્વરે તો તે મેળવવાનો માર્ગ પ્રકાશ્યો છે. તે દ્વારા મારૂં જે સિદ્ધ બુદ્ધ મુક્ત સ્વરૂપ પ્રગટ કરાય તે જ ખરેખર 'હું' છું.

પણ માટીથી ઢંકાઇ ગયેલા રત્ન જેવો હું કર્માવરણથી ઢંકાયેલો છું. તેથી હું હસું છું, રોઉં છું, રાગ કરૂં છું, રીસ કરૂં છું, ખાવા-પીવામાં, મોજ-મઝાહ કરવામાં, રંગ-રાગ ઉડાવવામાં લહેર માનું છું, ગુસ્સો કરૂં છું, માન કરૂં છું, માયા કરૂં છું, લોભ કરૂં છું, હિંસા, જૂઠ આદિ દોષો સેવું છું. હસવું, રોવું, કામ-ક્રોધ કરવા, ખાવું-પીવું વગેરે મ્હારૂં સ્વરૂપ નથી જ. 'અહં' 'મમ'ના ભાવથી જ એ થાય છે અને તે જ અવિવેક છે. અવિવેક એ જ મહા ભય છે. એનાથી રક્ષણ કરનારો વિવેક છે. તે જ મ્હારો પરમ સખા છે, પરમ મિત્ર છે, પરમ બંધુ છે. 'હું કોણ છું ?'નું સાચું ભાન ઇચ્છનારા મહાનુભાવોએ આ વિવેક-દીપકને સદાયે પોતાના મનોમંદિરમાં જલતો રાખવો.

મ્હારૂં શું?

આ જગતમાં મ્હારૂં શું છે? ઘર મ્હારૂં. પેઢી મ્હારી. સ્ત્રી મ્હારી. પુત્રાદિ મ્હારા. માતા-પિતા મ્હારાં. સગાં-સંબંધી મ્હારાં, મિત્રો મ્હારા. શરીર મ્હારૂં' એમ હું દિન-રાત રટું છું. કાયા, કુટુંબ, કંચન અને કુટિર મ્હારાં માનીને તે મેળવવા, વધારવા તથા સાચવવા હું શું શું નથી કરતો? અંગારે અંગાર સળગું છું. ઉંચા ગિરિશિખરે ચઢું છું, દરિયામાં પેસું છું, અંધારિયા કુવાઓમાં ઉતરૂં છું. સરકસમાં કુસ્તીઓ ખાઉં છું. તલવાર-બંદૂકોના ઘા ઝીલું છું. નીચી જાતને સલામો ભરૂં છું. ધૂર્તોનો પણ વિશ્વાસ કરૂં છું, સગાં સાથે વિરોધ કરૂં છું, વેર-ઝેર કરું છું, મારામારી અને લોહીની નીકો વહેવડાવું છું, કોર્ટ-કચેરીઓ કરૂં છું, જુઠ-કપટ સેવું છું, માન-અપમાન ગળી જાઉં છું, ભૂખ તથા ટાઢતડકાની વેઠણી કરૂં છું. ધર્મ કે પ્રભુના નામને તો ઓળખતો યે નથી. છતાં?

મ્હને તે ગમતું નથી. ગમે છે તો ટકતું નથી. ટકે છે તો ભોગવાતું નથી. ભોગવાય છે તો સાથે આવતું નથી. શું એ મ્હારૂં છે?

મ્હારૂં હોય તો મ્હને ગમે કેમ નહિ? ગમ્યા પછી રહે પણ કેમ નહિ? હું મરી જાઉં છું ત્યારે ધન તિજો-રીમાં રહે છે. મકાન કે જમીન તેને ઠેકાણે જ રહે છે. સ્ત્રી વગેરે સ્મશાને રહે છે. કાયા કાષ્ઠમાં રહે છે. મ્હારૂં.

સાથે કેમ કશું આવતું નથી ? સાચે જ એમાંનું કશું જ મ્હારૂં નથી.

મ્હારૂં હોય તે મ્હને દગો દે ખરૂં ? નહિ જ. પણ મ્હારો જાતિ અનુભવ શું કહે છે ? એ જ કે ખરા સમયે ધન દગો દે છે, સ્ત્રી ફરી જાય છે, મકાન સળગી જાય છે, શરીર માંદું પડી જાય છે, ભાઇબંધ-દોસ્તદાર સગાં-સ્નેહી સૌ આઘાં ખસી જાય છે, કાં હું એકલો અગર તે આ દુનિયા છોડીને ચાલ્યાં જઇએ છીએ, તથાપિ 'મ્હારૂં' 'મ્હારૂં' કરૂં તે ગાંડપણ જ છે કે બીજું કાંઇ ?

મ્હને સામા મ્હાય છે તે ક્યાં સુધી મ્હાશે ? જ્યાં સુધી મ્હારૂં પુણ્ય તપે છે ત્યાં સુધી. વૈરી પણ વશ થાય છે, તે ય પ્રતાપ કોનો ? મ્હારો નહિ, એ પુણ્યનો જ પ્રતાપ. સાપના દરમાં હાથ ઘાલતાં સોનામ્હોરો મળે છે, તે કોનો પ્રતાપ ? ઝેર અમૃત બને છે, હું ગુસ્સો કરૂં ત્યાં સામા પગ પૂજે છે, હું છળકપટ કરૂં છતાં છટકી જાઉં છું, આબરૂદારમાં ખપું છું, માન-પાન મેળવું છું, આ બધોયે કોનો પ્રતાપ ? કહો કે પુણ્યનો. પુણ્ય ન હોય અને પાપનો ઉદય જાગ્યો હોય ત્યારે શું થાય ? એ જ કે કોઇ મ્હારો ભાવે ય પૂછતું નથી, અને હું પણ કોઇનો ભાવ પૂછતો નથી. જગતમાં કોણ કોનું છે ? વાસ્તવિક કોઇ કોઇનું નથી.

મ્હારી પાસે ચલકદાર હોય છે, ત્યારે બધાં મ્હારાં સગાં-સંબંધી થાય છે. તે નથી હોતા ત્યારે કેવી વલે થાય છે તે જોવા માટે નીચેની કથા વાંચો—

બહેનને કહ્યું કે તમારા ભાઈ તો અહીં આવી યે ગયા ! બહેને શો જવાબ આપ્યો ? બહેન પોતાના સગા ભાઇને 'ભાઇ' કહેતાં શરમાણી. તે કહે છે કે 'આ મ્હારો ભાઇ નથી, પણ મ્હારા બાપને ત્યાંનો રસોઇઓ છે, ન્હાનપણથી હું એને ભાઈ કહેતી.' આ સાંભળીને ભાઇને શું થયું હશે ?

ભાઇને જ્ઞાન આવ્યું. સંસારની કુટિલતાનાં દર્શન થયાં, સંસારનો ત્યાગ કરી આત્મશ્રેય સાધવાનો મનોમન નિશ્ચય કર્યો, પણ મનને એમ થયું કે બહેન કોની સગી છે તે એકવખત બતાવીને ત્યાગ કરી દઉં. ભાઇ સીધો ત્યાંથી પરદેશ ગયો. કર્મોદય પલટાયો. ભાઈની પાસે પૈસા થયા. બહેને જાણ્યું. એટલે ભાઇ ચાહીને ત્યાં આવ્યો પણ ખરો. આ વખતે બહેને ખૂબ જ માનપાન કર્યું. ભાઇને રૂપાના પાટલે અને સોનાના થાળે જમવા બેસાડ્યા. ભાતભાતના પકવાનો પીરસ્યાં, ભાઈ જમતા નથી. આડોશી-પાડોશી એકઠા થઇ ગયા. ભાઇએ થાળમાં હીરાની વીંટીઓ અને મોતીની માળાઓ સેરવવા માંડી. એક એક મૂકતા જાય અને કહેતો જાય કે—'ખા મુદ્રિકે ! તું ખા, આ તને પીરસાય છે,' બહેન કહે છે—'ભાઈ ! તમે આ શું કરો છો ? જમોને ?' ભાઇ કહે કે—'હું ઠીક કરૂં છું, તું જેને જમાડે છે તેને જમવાનું હું કહું છું.' તેણે લલકાર્યું—

"લક્ષ્મી તું બહુ સુલક્ષણી, જેણે પલટાવ્યો રામ;
પહેલે ફેરે આવીઆ, સુલાકુંકણ નામ."

ભાઈએ આગળ ચલાવ્યું—'બહેન આ બધું છે, તને

જે પારકું અને પરાધીન છે, તેને હું મ્હારું માનું છું

તો મારો મોહમાં મોટો અવિવેક છે. જે મલીન જવાનું છે

તેની મમતા અને તોફાન કરું છું, તે ભયંકર અવિવે

છે. જે મ્હારું છે, જે સ્વાધીન છે, જે મ્હારી પાસે રહેલ

છે તેની હું દરકાર કરતો નથી, તે ઘોર અજ્ઞાન છે, એ

અવિવેક અને એ અજ્ઞાનતાને જો હું તજું તો મ્હને ક

જ દુઃખ રહે નહિ. સુખ મ્હારા હાથમાં જ આધીન ઉભે

રહે. જોતો ત્યારે, મ્હારું ખરેખર શું છે? ક્ષણિક સંયોગ

સંબંધમાં આવેલા સગા-સંબંધી, જર-જાગીર, હાટ-હવેલી

વસ્ત્ર કે શરીર? આમાંનાં કોઇ પણ મ્હારાં નથી. મ્હારાં તે

છે વિશ્વદયા, વિશ્વપ્રેમ, વિશ્વક્ષમા, વિશ્વસમતા, વિશ્વત્યાગ

વિશ્વવૈરાગ્ય. બસ એનું નામ વિવેક છે. એ જ મ્હારો પરમ

સહાયક છે, આંતરચક્ષુને ઉઘાડનારો છે, દિવ્ય પંથે

ચઢાવનારો છે, સંકટમાં ધીરજ આપનારો છે, સાચો સલાહ

કાર છે, કટોકટીની પળે આત્મશાંતિ ઇચ્છનારા સુજનોએ

આ વિવેક-વકીલની નિરંતર સલાહ લેવી.

ત્યારે હવે ?

શરીર વગેરે પદાર્થ "હું" નથી. અને ધન, કુટુંબ કે હાટ, હવેલી વગેરે કોઈ ચીજ મારી નથી. જ્ઞાનાદિ ગુણમય સુખસ્વભાવી ચેતન આત્મા જ "હું" છું, અને અનંતજ્ઞાનાદિ ગુણો જ મ્હારૂં વાસ્તવિક ધન વગેરે છે, છતાં પણ શરીરરૂપ પાંજરામાં પૂરાએલો હું કેદી છું, એમાં યે શંકા નથી. એક કેદી બીજા કેદીની સાથે માયા બાંધે છે, તેમ હું પણ માતા-પિતા, પતિ-પત્ની, પુત્ર, ભાઈ-ભગિની આદિ ઘણાની સાથે ઘણા સંબંધો કરૂં છું! તેઓ પણ અનાદિ સંસારમાં મ્હારા જેવા કર્મના કેદીઓ જ છે! કોઈ કેદીને, તમે તેની કોટડી આદિનું મમત્વ કરતો જુઓ ત્યારે તમોને તેની મૂઢતા માટે દુઃખ થાય છે. પણ હું અને તમે બધા આપણાં આ ઘર-બાર, પૈસા-ટકા, માલ-મિલકત, જમીન-જાગીર, ઢોર-ઢાંખર, ઝાડ-પાન, યાવત્ દેશકાલ બધા ઉપર મમત્વ કરીએ છીએ; એ પણ એક હકીકત છે. ત્યારે હવે?

સંસારમાં કોઈ સ્થાન એવું નથી, જ્યાં મેં મુસાફરી કરી ન હોય. કોઇ ને કોઇ રૂપે જન્મ-મરણથી હું બધે ફરી વળ્યો છું. એ બધો ઉપકાર મ્હારા કર્મદોસ્તોનો છે. હું ચેતન અને એ જડ, છતાં અમારી દોસ્તી અનાદિની છે. એવી દીલોજાન છે કે એની અસર નીચે હું મ્હારૂં સ્વરૂપ ભૂલી ગયો છું. એ તો જડ એનું એ જ રહે છે. ચકાવો ફેરવનારા જેમ બેસનારને ભમાડે છે; તેમ આ મ્હારા

[illegible]
કર્યો, પુનર્જન્મ મુક્તિ સ્વર્ગ આદિ પ્રાપ્તિની ભાવના સાધુસંત વીગેરે પણ કરે છે.' શું આ વિચાર સાચું છે? કોઈ મુરખા નહિ. નાસ્તિકતાના બનાવો ઘણુ કરું ઘણા કરી જોયા છે, ઘણું જ માનવું નહિ, મનમા આવે તે કરવું, ખાવા પીવાની, વ્યભિચાર, આત્મઘાત, ખુન, હારીચન, વિશ્વાસ, ત્યાગ, પર એવા વગેરે તમામના પ્રયોગો મેં એક વાર નહિ, અનેકવાર કર્યો છે, પણ કયાંય તૃપ્તિ કે શાંતિ આવ્યા નથી. હરિ વિરને બદલે અધુરિયામાં ભૂત શોધનારને ભૂત ક્યાંથી જ જડે? જગતમાં મુખ્ય વિજ્ઞાનવાદ ડુંગળી જ એક સુધરેલી આવૃત્તિ છે. તેના સ્વભાવમાં જ તૃપ્તિ કે શાંતિ નથી, તે કયાંથી આપે? વાઘને જોઈને આંખો મીંચી દેવાથી તેનો ભય

પાછી આવી. દાસીને ખાલી હાથે પાછી આવેલી જોઈને બેગમનો પિત્તો ઊછળ્યો. હાથમાં ચાબુક લઈને દાસીને ફટકાવતાં રાણી બરાડીને બોલી—" ચટણી કેમ લાવી નહિ ?" દાસી આક્રંદ કરતી બોલી—" **ચલના હૈ રહના નહિ, ચલના હૈ રહના નહિ** "

વાત એમ બનેલી કે બેગમની ચટણી કોઈક કૂતરું ચાટી ગયું હતું, કપ ખાલી પડ્યો હતો. દાસી આ જોઈને પાછી આવી હતી. તેનો કહેવાનો ભાવાર્થ એ હતો કે 'ચલાણું ખાલી છે, તેમાં ચટણી નથી.' એમની ભાષામાં ચટણીને 'રહના' અને કપને 'ચલના' કહેતા હતા.

ગુસ્સાના ધમધમાટમાં ભાન ભૂલી બેગમે દાસીની પીઠ ઉપર વીસ–પચીસ ફટકા ખેંચી તો કાઢ્યા, પણ દાસીના ઉપલા એકના એક શબ્દોએ અચાનક ચમત્કાર કર્યો.

બેગમના આત્માને આ સાધારણ શબ્દો પણ અસાધારણ અર્થમાં સ્પર્શ્યા, અને તેનો આત્મા જાગ્યો. તે સમજી ગઈ કે 'ચલના હૈ'–ચાલ્યા જવાનું છે. 'રહના નહિ'–રહેવાનું નથી. બસ, તેના હાથમાંથી કોરડો છૂટી ગયો, દાસીને પોતાની ગુરુ માની તેના પગમાં પડી માફી માગી. અને આ સંસારના મોહનો અંચળો જે તેણીએ ઓઢેલો હતો તે ઉતારી દૂર ફેંકી દીધો.

આત્માને આ મહાવિવેક જો જ્ઞાનપૂર્વક જાગી જાય તો પછી દુનિયામાં શું દુઃખ રહે ખરું ?

શ્રી નમીરાજર્ષિ

મીથીલા નગરીના રાજા નમી દાહજ્વરથી ખૂબ પીડાતા તા. કામીને કર્ણમધુર લાગતા રાણીના કંકણોનો શબ્દ પણ તેમનાથી સહન થતો નહિ. રાણીઓએ એક એક કંકણ રાખીને બાકી સર્વ ઉતારી નાખ્યાં. આ મામુલી નિમિત્તથી રાજાને મહાવિવેક જાગ્યો. તેમને સમજાયું કે 'આત્મા એક છે, અદ્વિતીય છે, સંગરહિત આત્માની એકતામાં સુખ છે. સંગસહિતના દ્વિત્વમાં નર્યું દુઃખ છે.' નમી રાજાએ સંગનો વિવેક કર્યો–ત્યાગ કર્યો. પોતાના આત્માનું દિવ્ય પરિવર્તન સાધ્યું.

તેમની સામે આવીને સ્વર્ગના ઈન્દ્રે તેમના અંતઃપુરને દારુણ કલ્પાંત કરતું બતાવ્યુ. નગરજનોને ગભરાટથી હાહાકાર કરતા બતાવ્યા. મીથીલા નગરીને ચારે કોર આગમાં સળગતી બતાવી. સ્વર્ગના રાજાએ, આ બધાનું રક્ષણ રાજાને ક્ષાત્રધર્મનો ઉપદેશ આપ્યો. આ ભરપૂર કરવાની અને કરવા સમજાવ્યું, રાજ્યના બાજાના ઉપર ભાર મૂકયાં. રાજ્યના પાલકો સર્જવાની ફરજ ત્યાગ કરે તે હકીકતને ઈન્દ્રે આટલું કર્યા વિના નમીરાજા ત્યાગ કરે તે હકીકતને ઈન્દ્ર કાયરતારૂપ જણાવી. ઈન્દ્રને જોવું હતું કે રાજાનો વિવેક કેટલો સાચો છે? તેને તો એમ જ લાગેલું કે રાજાનું જ્ઞાન ખાલી ઉભરા સમાન જ હશે.

પણ વંદન હો એ નમીરાજઋષિના મહાવિવેકને!

તેમણે આર્ષવાણીથી દેવોના રાજા ઇન્દ્રને સંભળાવ્યું કે 'જેઓ કલ્પાંત કરે છે તેઓ મારા માટે કરતા નથી, પોતાના સ્વાર્થ માટે કરે છે, સંસારનો સ્વાર્થ દુષ્પૂર છે. જે બળે છે તે મ્હારૂં નથી, જે મ્હારૂં છે તે બળતું નથી. સ્વકર્મ-રિપુને જીતવા એ જ ખરો ક્ષાત્રધર્મ છે. હિંસા અને ભોગમાર્ગથી કોઈનું રક્ષણ થઇ શકતું નથી. પ્રાણીમાત્રનું રક્ષણ કરવા માટે જ હે સુરપતિ ! મ્હેં આ અહિંસા અને સંયમનો માર્ગ સ્વીકારેલો છે. તમે ખજાના ભરવાનું અને સર્જન કરવાનું કહો છો, પરંતુ તેવું ઘણું કરવા છતાં ઇચ્છા અતૃપ્ત જ રહે છે, ઇચ્છા આકાશ સરખી અનંત છે. એનો પાર તો ત્યાગ કરવાથી જ પામી શકાય છે. અજ્ઞાની ક્રોડો કષ્ટ કરે તો પણ તે જ્ઞાનીના તપની એક કલાની તોલે પણ આવતું નથી.

ધન્ય છે, આ મહાવિવેકની વાણીને; ધન્ય છે એના આત્મદર્શનને, ધન્ય છે એની સર્વતોગામી કલ્યાણ કામનાને.

આ વિવેક જ આપણા સૌનો સાચો રાહબર મિત્ર છે. તે આપણામાં જ ગુપ્ત સ્વરૂપે રહ્યો છે. તેનો પ્રકાશ મણિ કરતાં પણ અદ્‌ભૂત છે. ક્ષણિક પદાર્થો ઉપરની મોહ-માયાએ તેના પ્રકાશને ઢાંકી દીધો છે. ચાલો, આપણે પણ સિદ્ધ બુદ્ધ અરિહંત વીતરાગનું શરણ સ્વીકારીને તે મોહ માયાનાં સઘળાં જાલાં દૂર ફગાવી દઈએ, અને આ વિવેક મણિનો પરમ પ્રકાશ આપણા હૃદયમાં પ્રગટ કરીએ.

ભાવના

(૧) આ જગત શું મિથ્યા છે ? (૨) મ્હને સુખી કે દુઃખી શું ઇશ્વર કરે છે ? (૩) વિશ્વમાં પરમેશ્વર શું સર્વત્ર રહેલ છે ? (૪) હું કર્ત્તા છું કે સાક્ષી છું ? (૫) હું ભિન્ન છું કે અભિન્ન છું ? આ પાંચ પ્રશ્નોના ઉત્તરો જો વિવેકદૃષ્ટિથી વિચારાય તો તેની ભાવના નીચે પ્રમાણે છે—

(૧) જગત એટલે જડ ચેતનનો સમાગમ. આમાંથી અર્ધ કામની લીલા જાગે છે, વિષય કષાયનો અખાડો જામે છે. તેનાથી જીવને જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિ દ્વંદ્વોમાં ભમવું પડે છે. આ એક નક્કર સત્ય નથી એમ કોણ કહી શકશે ? ત્યારે 'મિથ્યા' એટલે શું સમજવું ? એ જ કે આત્મોપયોગ માટે તે નકામાં છે. નકામી વસ્તુને ઉપચારથી આપણે મિથ્યા જ કહીએ છીએ. જગત પોતે મિથ્યા નથી. તેના ઉપર આપણે જે માયા રાખીએ છીએ તે મિથ્યા છે. જગત એના નિયમ પ્રમાણે ચાલ્યા કરશે. મ્હારે જો મુક્ત થવું હોય તો એની માયાજાળ મ્હારે મૂકવી જ જોઇએ. જગત મ્હને બાંધતું નથી, હું પોતે મોહવશ થઇ એમાં બંધાઉં છું, એ મોહને જ મ્હારે મિથ્યા માનીને મ્હારા અંતરાત્મામાંથી દૂર કરવો જોઇએ.

(૨) ઇશ્વર એટલે રાગ-દ્વેષ રહિત. એને મોહ અજ્ઞાન કશું હોય જ નહિ. એને પુનઃ જન્મ નથી, જરા નથી, મરણ નથી, શરીર નથી, ક્રિયા નથી, ઇચ્છાઓ નથી,

એ શા માટે કોઈને સુખી કે દુ:ખી કરે ? છતાં જીવોના કર્માનુસાર જો તે સુખી-દુ:ખી કરે છે તો સુખી-દુ:ખી કરનાર ઈશ્વર ન થયો, પરંતુ આપણો આત્મા જ આપણને આપણા કર્માનુસાર સુખી-દુ:ખી કરનાર થયો. કર્મથી માણસ રાજા અને કર્મથી રંક બને છે. કર્મથી બ્રાહ્મણ અને કર્મથી ચંડાળ બને છે. આ કર્મને જીતીને એ ઈશ્વર બનેલા છે. હું ઈશ્વર જેવો છતાં કર્મ બાંધું છું અને તેમાં જ ભૂલું છું. ઈશ્વર ઉપર હું મ્હારા કર્મનો આરોપ શા માટે મૂકું ? એ મ્હારી ધીઠ્ઠાઈ જ કહેવાય. એ પરમાત્મા કાંઈ આપતા કે લેતા નથી, કિન્તુ મ્હારા ઉપર એનો એવો અનુગ્રહ હું ચાહું કે એના આલંબનથી ચિત્તશુદ્ધિપૂર્વક મ્હારાં કર્મો જીતીને હું સાક્ષાત્ ઈશ્વર બનું. સુખમાં અને દુ:ખમાં જીવ સમતાભાવી રહી શકે એ માટે કર્મને નહિ સમજનારા જીવો ઈશ્વરની આ રીતની કલ્પના કરે તેનો અર્થ ઉપર મુજબ સમજવો.

(૩) ખોટું કામ કરતી વખતે એવો જનસ્વભાવ હોય છે કે કોઈ એને દેખી ન જવો જોઈએ. તેથી તે ખૂણે જઈને માની લે છે કે મ્હને કોઈ જોતું નથી. મૂર્ખને ખબર નથી કે પરમાત્મા સર્વત્ર જુએ છે. પરમાત્મા તો પોતે વિશ્વના અગ્રભાગે પોતાના અમૂર્ત સ્વરૂપમાં અવિચળ સ્થિતિમાં રહ્યા છે. એમનું જ્ઞાન અનંત છે, અને સચરાચર વિશ્વ માત્રને તે ત્રિકાળ વિષયે પ્રતિસમય દેખ્યા જ કરે છે. તમે આકાશમાં જાઓ કે પાતાળમાં જાઓ, છૂપું કરો કે ઉઘાડું કરો, કાયાથી કોઈ પણ કર્મ કરો કે મનથી

ગુપ્ત વિચાર કરો, એનાથી કાંઈ પણ અગોચર રહી શકતું નથી. 'પરમાત્મા સર્વત્ર છે,' એટલે એની જ્ઞાનદષ્ટિ સર્વત્ર છે. મ્હારે જો પાપથી બચવું હોય તો અનંત પરમાત્માઓની લોકાલોક વ્યાપી અનંત જ્ઞાનદષ્ટિઓનો મ્હારે અવશ્ય ડર રાખવો જોઇએ. જ્ઞાતાભાવે ઇશ્વર સર્વત્ર છે.

(૪) 'મ્હેં કર્યું' એવી ભાવનાથી માણસને અહંકાર થાય છે. એની દવા તરીકે તત્ત્વજ્ઞાની પુરૂષોએ એમ શોધ્યું છે કે—'પોતાને કર્ત્તા તરીકે ન માનો, સાક્ષી તરીકે માનો.' ખરી વાત એ છે કે હું કર્ત્તા પણ છું અને સાક્ષી પણ છું. જો કર્ત્તા નથી તો સાક્ષી પણ નથી અને જો સાક્ષી છું તો કર્ત્તા પણ છું જ. દયા–દાનાદિ કરવાં તે મ્હારાં સ્વભાવ કર્મો છે, હિંસા–ભોગાદિક સેવવાં તે પરભાવ કર્મો છે. હું પરભાવ કર્મોનો કર્ત્તા નથી, માટે મ્હારે તે ન કરવાં જોઇએ, કરૂં અગર થઇ જાય તો તેનો રસ તો મ્હારે ન જ ધરાવવો. જગતમાં જે થાય તે પ્રત્યે સાક્ષીભાવે મ્હારે વર્તવું. પણ મ્હારાં સ્વભાવકર્મોનો તો હું કર્ત્તા છું, તે જો હું ન કરૂં અથવા તેમાં સાક્ષીભાવે વર્તી આત્મરસ ન ધરાવું તો છેવટનું અક્રિયપદ ન જ પામી શકું. શરીરસંયોગાદિ અનિત્ય છતાં હું નિત્ય છું, પ્રકૃતિવશ કર્મનો કર્ત્તા છું, તેના ફળનો ભોક્તા પે હું છું, એમાંથી હું સદાને માટે મુક્ત થઇ શકું છું અને એનો એટલે મોક્ષનો ઉપાય પણ છે અને તે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની ત્રિપુટી છે. આ ઉપાયનું સેવન કરી મોક્ષ મેળ-

વવે, એ જ મ્હારો ધર્મ છે. કોઇ માણુસ ખૂન કરીને એમ કહે કે મ્હેં નથી કર્યું, એનો કર્તા મ્હારૂં શરીર છે, તો તેથી તે શિક્ષામાંથી છૂટી શકતો નથી જ. અશુભ ક્રિયાઓ છોડીને જો શુભ ક્રિયાઓમાં લાગીશ તો જ મુક્તિ મેળવી શકીશ.

(૫) મ્હારા જેવા જીવો જગતમાં અનંત છે. જગતમાંથી મોક્ષમાં ગયેલા પરમાત્મા પણ અનંત છે. તે સર્વ પોતપોતાની સત્તાથી ભિન્ન ભિન્ન છે. પણ મ્હારૂં, પરમાત્માનું અને શેષ જીવાત્માઓનું આત્મસ્વરૂપ એકસરખું છે. જેની સાથે પ્રેમ હોય છે તે ભિન્ન હોય છતાં તેના તરફ અભેદદૃષ્ટિ જેમ કેળવાય છે, તેમ પરમાત્મા ઉપર જેને ખરેખરો પ્રેમ છે તે તેની સાથે ભેદદૃષ્ટિ રાખી શકે નહિ. તન્મય થઇને ભજવું તેનું જ નામ 'કીટ ભ્રમર' ધ્યાન કહેવાય છે. એવા ધ્યાનથી હું મ્હારૂં ભિન્ન વ્યક્તિત્વે રહેલું પરમાત્મસ્વરૂપ પ્રગટ કરી શકીશ. જગતમાં જીવો પણ મ્હારી માફક સુખના અભિલાષી છે અને દુઃખના દ્વેષી છે. મ્હને જે પ્રતિકૂળ હોય તે જો મ્હારે બીજા પ્રત્યે આચરનારા ન બનવું હોય તો તમામ પ્રત્યે મ્હારે આત્મવતદૃષ્ટિ કેળવવી રહી. આ અભેદ દૃષ્ટિનો એવો તો અર્થ ન જ હોય કે માતા યે એક, આ પણ એક, ગોળે એક અને ખોળે એક! મોહભાવને ઉત્પન્ન કરનારા પૌદ્ગલિક ભાવોમાં જો મ્હારે ન લેપાવું હોય તો તેનાથી તો મ્હારે ભેદદૃષ્ટિ જ કેળવવી રહી, એટલે દેહાદિકથી હું ભિન્ન છું, પરમાત્માથી હું અભિન્ન છું.

ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, ગમ્ય-અગમ્ય, સ્પર્શ્ય-અસ્પર્શ્ય, પૂજ્ય-અપૂજ્ય, પવિત્ર-અપવિત્ર, પુણ્ય-પાપ, નીતિ-અનીતિ, સત્ય-અસત્ય, જ્ઞાન-અજ્ઞાન આદિનો ભેદ ન માનવો તે કેવળ અવિવેક છે. આત્મા ઉપર જ્યાં સુધી એની સ્વારી છે ત્યાં સુધી આત્માની અધોગતિ છે. ઉર્ધ્વ-ગતિ વાંછુ આત્માર્થી ભાઇ-બહેનો અવિવેક છોડીને પરમ સુખકર વિવેકરાજનું શરણ સ્વીકારે.

વિશ્વમાં કોઈ આત્મા એવો નથી કે જેને દુઃખ ઇષ્ટ હોય અને સુખ અનિષ્ટ હોય; સૌ એક માત્ર સુખને ચાહે છે અને દુઃખથી ભાગે છે. સુખને માટે જ તેના પ્રયત્નો હોય છે. તો પણ દુનિયા દુઃખી કેમ દેખાય છે? એક જ કારણ છે કે વિવેક નથી. વિવેકના અભાવે મનુષ્ય દુઃખના રસ્તાને પણ સુખનો રસ્તો જાણે છે. સુખની ઇચ્છા છતાં અવિવેકથી કારવાઇ એવી કરે છે કે, તે સુખને બદલે દુઃખ જ મેળવે છે. આધ્યાત્મિક થઇને પણ તે ભૂલે છે; દેહની ક્રિયાઓમાં ગળાડૂબ રહે છે અને આત્મિક ક્રિયાઓની ઉપેક્ષા કરે છે. સર્વજ્ઞ મતનો અનુયાયી બને છે અને તેની જ એક યા બીજી વસ્તુનો અપલાપ કરે છે.

ટૂંકમાં, જરૂર છે વિવેકદૃષ્ટિની. વિવેકદૃષ્ટિ આવે તો હીરા ને કાચની પરીક્ષા થાય, તજવા યોગ્યનો ત્યાગ કરાય અને સ્વીકારવા યોગ્યનો જ સ્વીકાર કરાય. વિવેકદૃષ્ટિ હોય તો પોતે સિદ્ધ નથી કિન્તુ સાધક છે, એમ ભાન થાય. 'તાત્ત્વિક સાધન માર્ગ પ્રાપ્ત કરવો અને તેનાથી ચસવું નહિ' એ એની ખૂબી છે.

વિવેકદષ્ટિનું એ માહાત્મ્ય છે કે તેનાથી આત્મા એમ સમજે છે કે, લાખો આવે તો પણ આપણું કશું આવતું નથી. લાખો જાય તો પણ આપણું કશું જતું નથી. પુત્ર જન્મે તેનો હરખ નથી. મરે તેનો આઘાત નથી. સંયોગ વિયોગ એ સંસારના સ્વભાવો છે; ભોજન સ્વાદિષ્ટ મળે કે અરૂચિકર મળે તો પણ તેથી આત્મા ખીલે નહિ કે ખીજે નહિ, કેમકે સારાં-માઠાં થવું તે પુદ્ગલના ધર્મો છે. વધુ મળે કે ઓછું મળે તેનો અસંતોષ કદી કરવો નહિ, દુઃખને સુખ માનવું, શોકને આનંદ માનવો, મરણને મહોત્સવ માનવો, અનુકૂલતા કે પ્રતિકૂલતામાં સદાયે સમતા રાખવી, એ આ વિવેકની પ્રકૃતિ છે. ભાગ્યવાનો જો તમારે નિત્ય સુખ, શાંતિ અને સમાધિ જોઈતી હોય તો આ વિવેકદષ્ટિને રોજ પૂજો, ખરા ભાવથી પૂજો.



વિવેકાષ્ટક

પૂજ્ય મહાત્મા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે પોતાના રચેલા 'જ્ઞાનસાર' નામના સંસ્કૃત ગ્રંથમાં વિવેકનું સત્વ આઠ શ્લોકો રચીને સુંદર આલેખ્યું છે, તે અષ્ટક અને તેનો ભાવાર્થ નીચે આપ્યો છે. તે તત્ત્વગ્રાહી જિજ્ઞાસુજનો પોતાના હૃદયપટ ઉપર બરાબર કોતરી લે, એવી વાંચકો પ્રત્યે આશા રાખતો વિરમીશ—

कर्म जीवं च संश्लिष्टं, सर्वदा क्षीरनीरवत् ।
विभिन्नीकुरुते योऽसौ मुनिहंसो विवेकवान् ॥१॥

—કર્મ અને જીવ દૂધ-પાણીની જેમ એકમેક થયેલાં છે, તેને જે ભિન્ન કરે છે તે ખરેખરો વિવેકવાન મુનિ હંસ છે. ૧

देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।
भवकोट्यापि तद्भेद-विवेकस्त्वति दुर्लभः ॥२॥

—"શરીર વગેરે હું છું" એવો અવિવેક તો આ સંસારમાં સદા સુલભ છે, પણ તેનાથી (શરીરથી) હું ભિન્ન છું એવો વિવેક તો કોડો ભવોએ પણ પ્રાપ્ત થવો દુર્લભ છે. ૨

शुद्धेऽपि व्योम्नि तिमिराद् रेखाभिर्मिश्रता यथा ।
विकारैर्मिश्रता भाति, तथाऽऽत्मन्यविवेकतः ॥३॥

यथा योधैः कृतं युद्धं, स्वामिन्येवोपचर्यते ।
शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ॥४॥

—જેમ યોદ્ધાઓએ કરેલા યુદ્ધનો ઉપચાર રાજામાં થાય છે, તેમ અવિવેકથી કર્મસ્કંધોએ ઉપાર્જન કરેલાં પુણ્ય-પાપનો આરોપ આત્મામાં કરાય છે, એટલે કે 'આત્માએ પુણ્ય બાંધ્યું, આત્માએ પાપ બાંધ્યું.' ૪

इष्टकाद्यपि हि स्वर्णं, पीतोन्मत्तो यथेक्षते ।
आत्माऽभेदभ्रमस्तद्वद्, देहादावविवेकिनः ॥५॥

—જેમ ધતુરો પીધેલ માણસ ઈંટાદિકને પણ સુવર્ણ દેખે છે, તેમ અવિવેકીને દેહાદિકમાં આત્માનો અભેદભ્રમ થાય છે. ૫

इच्छन्नपरमान् भावान्, विवेकाद्रेः पतत्यधः ।
परमं भावं त्वन्विच्छन्, नाविवेके निमज्जति ॥६॥

—ક્ષુદ્ર-તુચ્છ ભાવોને ઈચ્છતો મનુષ્ય વિવેકગિરિથી નીચે પડે છે, જ્યારે ઉત્તમ-પરમ ભાવને ઈચ્છનારો અવિવેકમાં ડૂબતો નથી. ૬

आत्मन्येवात्मनः कुर्याद् यः, षट्कारकसंगतिम् ।
क्वाविवेकज्वरस्यास्य, वैषम्यं जडमज्जनात् ॥७॥

—જે આત્માને વિષે જ આત્માના કર્ત્તા-કર્માદિ ષટ્
કોની સંગતિ કરે છે તેને જડમગ્નતાથી થતા અવિવેક-
ી જ્વરની વિષમતા હોય જ કયાંથી ? ૭

संयमास्त्रं विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ।
धृतिधारोल्बणं कर्म-शत्रुच्छेदक्षमं भवेत् ॥८॥

—મુનિનું વિવેકરૂપી સરાણે ઘસીને ઉત્તેજિત કરેલું,
ર્યરૂપી તીક્ષ્ણ ધારવાળું સંયમશસ્ત્ર જ કર્મરૂપી શત્રુનો
છેદ કરવાને સમર્થ બની શકે છે. ૮

અનાદિ રાગ-દ્વેષ પરિણામ જ્યારે છૂટે, જીવને ઘેરી
હેલાં ઘણાં કર્માવરણો જ્યારે ખસે, ત્યારે આ મહાન્
િવેકદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. લેખકને અને વાંચકોને એ
ાથાભૂત અમલ સંરક્ષક વિવેકદૃષ્ટિ પ્રાપ્ત થાઓ, પ્રાપ્ત
એલી સર્વદા અબાધિત રહો, તેનાથી સૌ નિજાત્માનું
લ્યાણ કરો, એ જ મંગલ અભિલાષા.



કામા આસીવિસોવમા "—કામેચ્છાઓ શલ્યરૂપ છે, વિષરૂપ છે, સર્પરૂપ છે, એ ગોખી રાખ; તારક પ્રભુના ધ્યાનમાં—


"તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવ જીવન આધાર રે;
રાત–દિવસ સ્વપ્નાંતરમાંહિ, તું મ્હારે નિરધાર.
ના રે પ્રભુ નહિ માનું, નહિ માનું અવરની આણ...."

એમ ગાઇ લે.

૧૮. હે આત્મન્! તું ઘોડેસ્વાર તો થયો છે પરંતુ લગામ હાથમાં રાખ; કુટિલ ચપલ ઇન્દ્રિયો ત્હને ન ચૂકાવે તે માટે તેમને અપ્રમત્ત ભૂમિશયનાદિ તપસ્યા કરાવ.

શ્રવણ, વપન, કરણ એ શ્રાદ્ધજીવનનો આદર્શ છે. તત્ત્વશ્રવણ, સદ્ધર્મક્ષેત્રોમાં ધનવપન અને શ્રી જિનાજ્ઞાનું શક્ય એટલું કરણ, અશક્યનું શ્રદ્ધાપૂર્વક ભાવન, આ છે એની સાદી રૂપરેખા. વેપારી વગેરેને જેમ ધન વગેરેની લાલસા રહે તેમ શ્રાવકજીવનમાં પળે પળે ત્યાગની, ધર્મ કરવાની, સર્વવિરતિ સંયમ સાધવાની લાલસા રાખવી હિતાવહ છે.

સં. ૧૯૯૭, આસો વદ ૨, મંગળવાર.



ખંડ શીલવ્રત પાળવા વડે ચોરાશી ચોવીશી સુધી તેમનું
મ અખંડ રહેશે. તેમના શિષ્ય આર્યમહાગિરિ અને
આર્યસુહસ્તિસૂરિ થયા. તે આર્યસુહસ્તિસૂરિ મહારાજના
પ્રસંગની આ હકિકત છે.

શ્રી આર્યસુહસ્તિ મહારાજ પોતાના પરિવાર સહિત
એક વાર ઉજ્જયિની નગરીએ પધાર્યા; બહાર બગીચામાં
ઉતર્યા. સાધુઓને યોગ્ય સારી વસતીની તપાસ કરવા બે
મુનિવરને ગામમાં મોકલ્યા.

આ નગરમાં એક ભદ્રા શેઠાણી રહેતાં હતાં. ખૂબ
ધનાઢ્ય હતાં, મોટી સાત માળની હવેલી વગેરે વિશાળ
જગ્યા હતી, બત્રીશ ક્રોડ સોનૈયા નગદ મિલ્કતની એ
સ્વામિની હતી, એનો એકનો એક પુત્ર અવંતી-સુકુમાલ
નામનો હતો, એના પતિ સ્વર્ગવાસ પામ્યા હતા,
સુકુમાલ બત્રીશ રૂપકન્યાઓ સાથે તાજો પરણાવેલો હતો.

આ ભદ્રા શેઠાણી પાસે મુનિ આવ્યા. શેઠાણીએ ભાવથી
વંદન કરી લાભ આપવા વિનંતિ કરી. મકાનની જરૂર
જણાતાં પોતાનું વાહન રાખવાનું વિશાળ મકાન નિરવદ્ય
જીવજંતુ વગરનું બધા સાધુઓને સહેલાઇથી સંયમ પળાય
તેવું આપ્યું. ગુરુમહારાજ પરિવાર સાથે તે વસતીમાં
પધાર્યા. ભદ્રા નામની શેઠાણીના મકાનમાં ઉતરવાનું મળ્યું.
સૌ વાહનશાળામાં ઉતર્યા. સૌ સ્વાધ્યાયસંયમમાં લીન છે.

"નલીની ગુલ્મ" નામના દેવવિમાનનું વર્ણન જેમાં
આવે છે એવા અધ્યયનનો પાઠ ગુરુમહારાજ કરે છે.

એવંતી-સુકુમાલ સાંભળે છે. સાંભળતાં જ પોતાને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. માતાજીને લઈ ગુરુમહારાજ સાહેબ પાસે આવ્યા.

મહેલના સાતમે મજલે રહેનારો, મનુષ્યલોકમાં રહીને પણ દેવ જેવી સાહ્યબીને ભોગવનારો આ એવંતી-સુકુમાલ ગુરુમહારાજસાહેબ પાસે આવ્યો, એ વિમાનનું વર્ણન વિશેષ સાંભળ્યું; વૈરાગ્ય તીવ્ર થયો, ચારિત્ર લેવાની ભાવના કરે છે, જિંદગીમાં દુઃખ નહિ, ચિંતાનો લેશ નહિ, નખમાં રોગ નહિ, વેપાર તથા વ્યવહારની સઘળી ચિંતા માતાજી કરે છે. પોતે તો પોતાની સ્ત્રીઓ સાથે સાતમે માળે રહે છે, અને સર્વ પ્રકારના સુખો દોગુંદક દેવની માફક ઈચ્છા મુજબ ભોગવે છે.

આવા આત્માને વૈરાગ્ય થાય, એ પ્રબળ-ધર્મ-શ્રદ્ધા હોય તો જ બને. સંસારમાં સર્વ વસ્તુ દુઃખમય છે, એક વૈરાગ્ય જ નિર્ભય છે. સુખ-દુઃખના ઉંચા-નીચા માર્ગમાંથી પસાર થતા માનવને વૈરાગ્યનો ટેકો હોય તો જ ખરી સમાધિ જાળવી શકે, વૈરાગ્ય ન હોય તો દુઃખ રીબાવે અને સુખ મુંઝવે.

નરકમાં ગએલ સમ્યક્દષ્ટિ જીવો અસહ્ય ક્ષેત્ર-વેદના, પાર વગરની પરમાધામિ કૃતવેદના અને અધૂરામાં પૂરી બીજા નારકીએ કરેલી વેદના, આ ત્રણે વેદનાને કોઈનું પણ બૂરૂં ચિંતવ્યા વિના, કોઈનો પણ ઓરતો કર્યા વિના, સમભાવે ભોગવી શકે ત્યાં વૈરાગ્યનું જ આલંબન હોય છે. વૈરાગ્ય જ પરમ શાંતિ આપે છે, સર્વ દુઃખ ભૂલાવે છે.

ગુરુમહારાજનાં મધુર વચનોના શ્રવણથી જાતિ-સ્મરણ પામેલા અવંતી-સુકુમાલે ચારિત્ર લેવાની ભાવના કરી; માતાને એકનો એક લાડકવાયો પુત્ર, બત્રીશ નારીઓનો ભરથાર, એને સંસારથી છૂટવા માટે ખૂબ આત્મ-બળ જોઈએ.

આ સંસાર મોટા ભાગે પોતાનું ચાલે ત્યાં સુધી કોઈને છૂટવા દે નહિ; આત્મા બળવાન થાય ત્યારે પોતાના વીર્યોલ્લાસથી છોડી શકે. સંસારના સંબંધીઓ પહેલા તો પોતાની મોહ-દશાને કારણે રોકવા પ્રયત્ન કરે; પરંતુ જ્યારે તેઓ આત્માને પ્રબળ-વૈરાગી છે એમ જાણે ત્યારે રોકી શકતા નથી.

સ્નેહ-રાગની સાંકળ તોડવી એ વીર-ધીર આત્માઓનું કામ છે. કામરાગ અને સ્નેહરાગ બે સાથે હોય ત્યારે એનું બળ બહુ વધી જાય છે એનાથી છૂટવા વૈરાગ્ય-વાસના અતિ પ્રબલ જોઈએ. સંસારનું સુખ ખરેખર દુઃખ લાગે, રાજેશ્વર અને દેવેશ્વરની પદવીઓ તુચ્છ લાગે, એટલું જ નહિ પણ દુશ્મન જેવી લાગે ત્યારે વૈરાગ્ય ખૂબ દૃઢ બને. દૃઢ વૈરાગી આત્માઓને સારી રીતે જીવતાં આવડે અને કદાચ મરણ આવે તો પણ એના હૈયામાં વસેલો વૈરાગ્ય એને દુર્ગતિમાં ન જવા દે, ભયંકર પીડાના આક્રમણ વખતે સાચું શરણ આપે, મરણ વેળાએ મુંઝાવા ન દે, અને પરલોકમાં જ્યાં જાય ત્યાં પણ સર્વત્ર શાંતિના વાતાવરણમાં રાખે.

અવંતી-સુકુમાલના તીવ્ર વૈરાગ્યને જાણી અંતે માતા

અને સ્ત્રીઓએ રજા આપી, ઘણા પરિવારસહિત ગુરુમહારાજ પાસે જઇને ખૂબ હર્ષપૂર્વક દીક્ષા અપાવી, ગુરુભગવંતે પાંચ મહાવ્રત ચતુર્વિધ સંઘની સાક્ષીએ ઉચ્ચરાવ્યાં લક્ષ્મીનો લાડીલો, ભોગનો રસીયો, મહેલાતનો માલીક, કેળ જેવો સુકુમાળ એવો યુવાન એવંતિ-સુકુમાલ ગુરુમહારાજની કૃપાથી પંચ મહાવ્રતધારી મુનિવર થયો, હવે એ જગતપૂજ્ય બન્યા. અનંતભવોમાં કોઇક જ વાર મળી શકે એવું ચારિત્રરત્ન હાથમાં આવ્યું. અંતરમાં ખરેખર આનંદ વ્યાપ્યો.

એક જીવને આખા ભવ-ચક્રમાં ફરતાં વધુમાં વધુ ભાવચારિત્ર આઠ ભવ સુધી આવે, આઠમી વાર ભાવ-ચારિત્ર પામનાર તે ભવમાં અવશ્ય મુક્તિમાં જાય. આઠ વાર આવવું જ જોઇએ એવો નિયમ નહિ. કોઇ પહેલી વાર ભાવ-સંયમ પામીને પણ તે જ ભવમાં મુક્તિમાં જાય. પંચમ કાળમાં પરમાત્માના શાસનની અતિ રમ્ય છાયા પામીને મુનિ-જીવન પામનારા ઉત્તમ જીવો એક જ લક્ષ્ય રાખતા હોય કે અમારૂં આ દ્રવ્ય સાધુ-જીવન ભાવ સાધુ-જીવન બની જાય તો કામ થઈ જાય. આ જ કારણે તેઓ પોતાના સંયમની નિર્મળતાનું લક્ષ્ય રાખીને સરળ ભાવે સમતાદૃષ્ટિએ છજીવકાયની જયણાનું નિરંતર લક્ષ્ય રાખતા, ચારિત્રમાર્ગમાં સ્થિરતાપૂર્વક આરાધના કરતાં કરતાં પરમાત્મા પાસે એ જ માગણી કરતા હોય છે કે હે ભગવન્ ! આપની કૃપાથી અમારૂં દ્રવ્યચારિત્ર-ભાવચારિત્રરૂપે પરિણમે, એ જ અમે માગીએ છીએ.

ત્યાગ કરવો જોઇએ. આવું અનશન પહેલા સંઘયણવાળા ધીરપુરૂષો કરી શકે. બધા તીર્થંકર ભગવંતો એ અનશન વડે જ દેહ ત્યજી મુક્તિમાં જાય છે.

બીજા ઈંગિની મરણમાં ચાર આહારનો ત્યાગ હોય, અને નિયમિત કરેલી જગ્યામાં હરી ફરી શકાય, બીજાઓ શરીરની સેવા કરે તો કરવા દેવાય.

ત્રીજા ભક્તપરિજ્ઞામરણમાં ચાર આહારનો ત્યાગ હોય અથવા ત્રણ આહારનો પણ ત્યાગ થાય, ગુરુમહારાજની નિશ્રામાં સર્વ સંઘની સમક્ષ એ કરી શકાય. નિમિત્ત-બળના પૂરા જાણનારા એવા ગુરુમહારાજ પોતાના અતિ-શય જ્ઞાનથી જાણે કે આ જીવને અનશનથી લાભ થશે તો જ એ ઉચ્ચરાવે. ઉચ્ચરાવતાં અને ઉચ્ચરાવ્યા પછી ઘણી ઉંચી જાતની શિખામણ આપે.

આર્યસુહસ્તિ મહારાજ દશ પૂર્વધર અતિશય જ્ઞાની હતા, એમણે જ્ઞાનબળથી અવંતિ-સુકુમાલને લાભ થવાનું જાણીને અનશનની આજ્ઞા આપી.

ગુરુમહારાજની આજ્ઞા મળવાથી તેઓ આનંદ પામ્યા. ગુરુમહારાજના ચરણમાં વંદન કરી બધા મુનિવરોને શુદ્ધ ભાવથી ખમાવ્યા. પછી પિતૃવન એટલે સ્મશાનમાં આવ્યા. ત્યાં અનશન સ્વીકારીને કાઉસ્સગ્ગધ્યાને ઉભા રહ્યા. પોતે સુકોમળ શરીરવાળા છે, અને વન આખું બાવળ, ખીજડા, કેરડા આદિ કાંટાળા વૃક્ષોથી ભરેલું; તેથી ત્યાં પહોંચતાં પહોંચતાં કાંટાથી પગ વીંધાણા. કોઇ દિવસ

એક ડગલું પણ નહિ ચાલેલ એવા સુકોમળ પગમાં કાંટા વાગવાથી લોહીની ધારો થવા માંડી, તો પણ જરાય ગભરાયા વિના સ્મશાનમાં જઈને શુભધ્યાનમાં ઉભા રહ્યા, ત્યાં અરિહંત સિદ્ધ ભગવંતને નમસ્કાર કરી, નમોત્થુણંનો પાઠ બોલી, પાંચ મહાવ્રત ઉચ્ચરી એકધ્યાનમાં રહ્યા. દેવ અને ગુરુના ગુણોની ચિંતવના સિવાય બીજું લક્ષ્ય નથી. શરીરમાં પીડા ચાલુ છે, લોહી નીકળ્યે જાય છે. અંધારી રાત્રિ, ઘોર જંગલ, પોતે એકલા, કોઈ સેવા કરનાર નહિ, ઘણા જ સુખમાં ઉછરેલા છતાં સમભાવે વેદના સહન કરે છે. અરિહંત પરમાત્મા અને શુદ્ધ ધર્મદાતાર સુગુરુ ભગવંત બેનું જ ધ્યાન કરે છે.

વનમાં જંગલી પશુઓ ઘણાં હોય. એક શિયાળણી પોતાના બચ્ચાંને લઈને જંગલમાં ફરે છે, એને પગના લોહીની ગંધ આવી. તે ગંધને અનુસારે ત્યાં આવી. એને આનંદ થઈ ગયો. મુનિવરની સમતાની કસોટીનો અવસર આવી રહ્યો છે, પરંતુ વીર ધીર મુનિ ડગતા નથી, તે હવે જોઈએ.

તે શીયાલણીને અવંતી-સુકુમાલ સાથે પૂર્વજન્મનું વૈર હતું, તે અત્યારે હૃદયમાં આવ્યું છે. અવંતી-સુકુમાલનો જીવ કોઈ વાર પૂર્વભવમાં મોટો હતો, એની આ સ્ત્રી હતી, કાળક્રમે એના ઉપરથી રાગ ઉતરી ગયો, બીજી સ્ત્રી કરી, આ અણમાનીતી થઈ. એ અપમાનથી ક્રોધની મારી સમસમતી રહેતી, અને ઝેર ઘણું ભર

ભગીને આ શીયાલણી થઈ. કોઈ પણ ભવમાં બંધાયેલાં કર્મો જીવને પ્રસંગ પામી ઉદયમાં આવે છે.

મુખ્યતાએ જીવના તે તે સુખ–દુઃખમાં કારણ પોતાનાં તેવા તેવા પ્રકારનાં કર્મ હોય છે. એના શુભ કે અશુભ ઉદય પ્રસંગે કોઈને કોઈ નિમિત્ત વચ્ચે આવે છે. સમજદાર આત્માઓ પોતાના કર્મને દોષ આપે છે, વચ્ચે આવતાં નિમિત્તોને ઓલંભાપાત્ર ગણતા નથી.

રાત્રે જંગલમાં ફરતી શીયાલણીને મુનિવરનું શરીર હાથ લાગી ગયું. મુનિવર તો વૃક્ષની જેમ સ્થિર ઉભા છે, એમને કોઈ બાવના ચંદનનું વિલેપન કરો કે કોઈ વાંસ-લાથી છોલી નાખો તો પણ રાગ–દ્વેષના ભાવો થતા નથી.

આવા મુનિ–પુંગવો માટે શાસ્ત્રોમાં "वासी चंदण कप्पे" વિશેષણ આપવામાં આવેલ છે.

શિયાલણી અને એનાં બચ્ચાં ખોરાક મળવાથી આનંદમાં આવી ગયાં છે. પગેથી પકડીને ખાવા માંડે છે, મુનિને દેહની પીડા તો થાય જ, પણ લક્ષ્ય આત્મા સામે હોવાથી દેહની પીડાને ગણતા નથી. દેહનાં દુઃખ જાતે ઉભાં કરેલાં, બીજાનાં કરેલાં અને એની મેળે આવેલાં એમ ત્રણ રીતે આવનારાં હોય છે. એમાં બીજાએ દ્વેષા-દિકથી ઉભાં કરેલાં ભયંકર કષ્ટો તેવા મહાન આત્માઓ સાચી સાત્ત્વિકતાના બળે સમભાવે સહન કરીને ઘણા કાળનાં કર્મોને સકામ નિર્જરા વડે ખપાવે છે. બીજાના તરફથી આવેલાં કષ્ટો સહન કરનારા ધીર–વીર મુનિવરનાં

દૃષ્ટાંતો વિચારીને પોતાનાં પૂર્વકર્મના ઉદયે વર્તમાનમાં આવેલી પીડાઓ શાંત રીતે સહન કરવાની કેળવણી લેવી, એ પ્રભુના સેવકની ફરજ છે. ચાર ગતિરૂપ સંસારની વિટંબણાઓ, તિર્યંચગતિનાં આકરાં છેદન-ભેદન, પરાધીનતા-પૂર્વક સહન કરેલાં ભૂખ, તરસ, અતિભાર, ટાઢ, તડકાને વિચારતાં અને નરકનાં અનંતા દુઃખોને ખ્યાલમાં લાવતાં આ કષ્ટોને તુચ્છ ગણીને સહન કરતાં મહામુનિઓ જરા પણ મૂંઝાતા નથી.

ચાર પહોર સુધી શીયાલણી અને એનાં બચ્ચાંએ શરીરને ખાધું, ચામડાં તોડ્યાં, લોહી-માંસ ખાધાં, નસો તોડી નાખી. શરીરના બધા અવયવોમાં ભારે પીડા થઈ, પણ મુનિવર ઉંકારો કરતા નથી. દેહ અને આત્માના જુદાપણાના સાચા ભાવ આવા મહાત્મા પામ્યા કહેવાય. પહેલા પહોરે એક પગ ખાધો, બીજા પહોરે બીજો પગ પૂરો કર્યો, ત્રીજા પહોરે પેટ લીધું, ચોથા પહોરે શરીરને વિખેરી નાખ્યું-વેરણ છેરણ કરી નાખ્યું. રાત્રિમાં ઘોર પરિષહ સહન કરીને સમભાવ ભાવતા પહેલા સૌધર્મ દેવલોકમાં 'નલિની-ગુલ્મ' વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. એક દિવસના ચારિત્ર વડે સમતાના બળે જીવન જીતી ગયા, સાધ્યું સાધી ગયા. ધન્ય હો વંદન હો એવા સમતાવંત મુનીશ્વરોને!

બીજે દિવસે એમની સ્ત્રીઓ વંદન કરવા આવી, ગુરુમહારાજને પૂછતાં ખબર પડી. ઘણો શોક કરે છે. ઘેર જઈ ભદ્રા-સાસુને વાત કરે છે, માતા પરિવાર સાથે જંગલમાં આવે છે, પુત્રના કલેવરને જોઈને ભારે ખેદ

થાય છે, રડારોળ કરે છે, આક્રંદના યોગે મૂર્છાઓ કરે છે, ઘણા વિલાપ પછી ભદ્રામાતા અને બત્રીશ સ્ત્રીઓ વૈરાગી થાય છે, બત્રીશમાં એક ગર્ભવતી છે એને ઘરમાં રાખી સાસુ-વહુઓ સાથે દીક્ષા લે છે, તે બધા શુદ્ધ ચારિત્ર પાળી, છેવટ અનશન કરી સમાધિભાવે દેહ ત્યજી દેવલોકમાં ગયાં.

ગર્ભવતીને પુત્ર થયો. મોટો થતાં પિતાના મરણની વાત સાંભળી તેણે એ સ્થાને મહાકાલ નામનું મંદિર બંધાવ્યું અને શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા ભરાવીને તેમાં પ્રતિષ્ઠા કરી. એ એવંતી-પાર્શ્વનાથ કહેવાયા. એ પ્રભુજી અત્યારે પણ ઉજ્જૈનમાં બિરાજે છે. નદીકાંઠે દાણી દરવાજે ધર્મશાળા વચ્ચે મંદિર છે.

પરમાત્માના દર્શનથી સર્વ જીવોનું કલ્યાણ થાય.

ભૂલચૂક મિચ્છામિ દુક્કડં.

વીર સંવત ૨૪૯૦, આસો સુદી ૧ સોમવાર, વાંકાનેર.

(કથાનકમાં કેટલોક ફેરફાર ચરિત્ર ગ્રંથોથી જોઈ લેવા વિનંતિ છે.)

નોંધઃ—આ મહાત્મા એવંતિ-સુકુમાલ તથા સુકોશલ મુનિઓની શિલાપટમાં કંડારાયેલી ક્ષમાપ્રધાન મૂર્તિઓનું આબેહૂબ દર્શન કરવું હોય તો શ્રી આદિનાથ શ્રમણ સમાધિ સ્તૂપનાં દર્શન કરવા ડભોઈ-દર્ભાવતી પધારો.

ઇતિશ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અને વિવેકદર્શન વગેરે સમાપ્ત.

